RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 126* Date: 04.03.2022 Friday *Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### પુતિનનું ખેલા હોબે : કીવ કબજે કરી યુક્રેનમાં નવા પ્રમુખ મુકી દેશે

# યુક્રેનના ખેરસોન શહેર પર રશિયન સેનાનો ફરી કબજો

,કીવ,તા.૩

યુક્રેનના ખેરસોન શહેર પર રશિયન સેનાએ કબ્જો કરી લીધો છે. શહેરના મેયર ઈગોર કોલયખાયેવે કહ્યુ કે રશિયન સેનાએ રેલ્વે સ્ટેશન અને ખેરસોન નદીના બંદર પર કબ્જો કરી લીધો છે. રશિયાના સૈનિકોની શહેરના સેન્ટ્રલ સ્કવાયર પર હાજરી અને રાતના સમયે શહેરની પ્રમુખ ઈમારત નજીક થયેલી લડતની પુષ્ટિ પણ થઈ ગઈ છે. આ શહેર મોસ્કોના નિયંત્રણવાળા ક્રીમિયા નજીક છે.ખેરસોનના મેયરે જણાવ્યુ હતુ રશિયન સેના ખેરસોન નજીક પહોંચી છે. સૈનિકોએ શહેરની બહાર ચેકપોઈન્ટ બનાવવાનુ શરૂ કરી દેવાયુ હતુ. તેમણે કહ્યુ હતુ કે ખેરસોન હંમેશા યુક્રેનની સાથે હતુ અને હંમેશા યુક્રેનની સાથે રહેશે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ગયા અઠવાડિયે યુક્રેન પર હુમલાનો આદેશ આપ્યો હતો. જે બાદ ક્રીમિયા સહિત કેટલાક દિશાઓમાં યુક્રેન પર હુમલો શરૂ થઈ ગયો. રશિયન સેનાના વીડિયો પણ સામે આવ્યા હતા, જેમાં સૈનિકોના વાહનોને શહેરની અંદર ઘૂસતા જોઈ શકાતા હતા. આ દરમિયાન રસ્તા પર રશિયન ટેંકો ચાલતી જોવા મળી. એવામાં લોકોની વચ્ચે ડરનો માહોલ હતો.

મેયર ઈગોર કોલયખાયેવે કહ્યુ, હુ પોતાના શહેરના લોકોના જીવન અને તેમની સુરક્ષા માટે જવાબદાર છુ. તેમણે લોકોને ઘરને છોડીને બહાર ન જવાનુ કહ્યુ છે. કોલયખાયેવે કહ્યુ કે અમારા માટે સૌથી મોટુ મૂલ્ય લોકોનુ જીવન છે. આ કોઈ લડત નથી આ એક યુદ્ધ છે. ખેરસોન શહેરની વસતી ૨,૮૦.૦૦૦ છે અને આ ક્રીમિયા પ્રાયદ્વીપના ઉત્તરમાં હાજર છે. ક્રીમિયા પર ૨૦૧૪માં રશિયાએ કબ્જો કરી લીધો હતો. રશિયાએ રવિવારે જ ખેરસોન શહેરને ઘેરવાની વાત કહી દીધી હતી. રશિયન સેનાએ એ પણ કહ્યુ કે તેમનુ બંદર શહેર બર્દિયાંસ્ક પર પણ કબ્જો છે. આજોવ સાગર પર ક્રીમિયાના ઉત્તર-પશ્ચિમમાં સ્થિત છે.

રશિયા અને યુક્રેનનું યુધ્ધ ભયંકર સ્વરૂપ ધારણ કરી ચૂક્યું છે. એક તરફ રશિયા અને યુક્રેન બંને જીદ પર ચડીને યુધ્ધને રોકવા તૈયાર નથી. રશિયાએ યુક્રેનમાં સંખ્યાબંધ મોરચા કોલ દીધા છે. ખેરસોન શહેર પર રશિયાનો કબજો થઈ ગયો છે તો યુક્રેનના બીજા નંબરના સૌથી મોટા શહેર ખારકીવ પર કબજો કરવા રશિયાએ જબરદસ્ત આક્રમણ કરી દીધું છે. ખારકીવમાં ધીરે ધીરે યુક્રેનના સૈનિકો ઘટી રહ્યા છે, રશિયાના સૈનિકો હવાઈ માર્ગે ઉતરી રહ્યા છે એ જોતાં ગુરૂવારે ખારકીવ પર રશિયાનો કબજો થઈ જશે એવું મનાય છે. ખારકીવ રશિયાની સરહદની નજીક આવેલું શહેર છે. લગભગ ૧૪ લાખની વસતી ધરાવતું આ શહેર રશિયાના કબજામાં જાય તો રશિયા માટે મોટી જીત ગણાય. રશિયા સરળતાથી પોતાના સૈનિકો અને શસ્ત્ર સરંજામનો ખડકલો યુક્રેનમાં કરીને યુક્રેન પર ભીંસ વધારી શકે.

રશિયાએ યુક્રેનની રાજધાની કીવ પર કબજો કરવા પણ મોરચો ખોલી દીધો છે. રશિયા ગમે તે ભોગે કીવ પર કબજો કરવા માગે છે. રાજધાની કબજે થાય એટલે યુક્રેનની હાર નક્કી થઈ જાય. સામે યુક્રેન કીવને બચાવવા મક્કમ છે. રશિયા અને યુક્રેનનાં લશ્કરો વચ્ચે કીવને બચાવવા ખરાખરીનો જંગ ખેલાઈ રહ્યો છે. કીવમાં નાગરિકો પણ હથિયાર લઈને ઉતરી પડયાં છે તેથી રશિયાના લશ્કર માટે કીવ કબજે કરવું બચ્ચાંનો ખેલ નથી.બીજી તરફ અમેરિકા સહિતના દેશો પણ ધીરે ધીરે આક્રમકતા વધારી રહ્યા છે. અમેરિકા સહિતના દેશોએ યુક્રેનને થોડા થોડા પ્રમાણમાં લશ્કરી સહાય વધારવા માંડી છે. બીજી તરફ રશિયાને ભીંસમાં મૂકવા માટે યુનાઈટેડ નેશન્સ સહિતની વૈશ્વિક સંસ્થાઓના માધ્યમથી પ્રતિબંધો પણ વધારવા માંડયા છે. અમેરિકાના પ્રમુખ જો બાઈડને યુક્રેનના પ્રતિકારની પ્રસંશા કરીને રશિયાને ખુલ્લી ધમકી આપી છે કે, પુતિન યુક્રેન પર આક્રમણની આકરી કિંમત





ચૂકવશે જ. બાઈડને એવું પણ કહ્યું છે કે, પુતિનને ખબર જ નથી કે હુ શું શું બનવાનું છે. બાઈડને આ વાત રશિયા પરના આર્થિક તથા અન્ય પ્રતિબંધોના સંદર્ભમાં કહી છે કે પછી અમેરિકા યુધ્ધમાં સામેલ થશે એવો સંકેત આપવા કરી છે એ સ્પષ્ટ નથી પણ બાઈડન આક્રમક બની રહ્યા છે તેનો સંકેત આ નિવેદન પરથી મળે જ છે.રશિયા પણ આક્રમક મૂડમાં છે. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે રશિયા અને યુક્રેનના યુધ્ધમાં અમેરિકા કૂદશે તો પરમાણુ યુધ્ધ થશે એવી ખુલ્લી ધમકી આપી દીધી છે. લાવરોવનું કહેવું છે કે, ત્રીજું વિશ્વ યુધ્ધ થશે તો તેમાં પરમાણુ શસ્ત્રો વપરાશે જ અને આ યુધ્ધ અત્યંત વિનાશકારી હશે. અમેરિકા યુક્રેનને બચાવવા ઝેલેન્સ્કીને પરમાણુ બોમ્બ આપશે એવી અટકળો ચાલી રહી છે. લાવરોવે એ સંદર્ભમાં આ ધમકી આપી છે. લાવરોવે આડકતરી રીતે અમેરિકા સહિતના દેશોને યુધ્ધથી દૂર રહેવા કહ્યું છે. અમેરિકા તથા સાથી દેશો યુધ્ધમાં કૂદશે તો રશિયા પરમાણુ બોમ્બ વાપરતાં નહીં ડરે એવું લાવરોવે આડકતરી રીતે કહી જ દીધું છે.અલબત્ત અમેરિકા અત્યાર સુધી જે રીતે યુધ્ધથી અલિપ્ત રહ્યું છે એ જોતાં હવે યુધ્ધમાં કૂદે એવી શક્યતા ઓછી છે. અમેરિકા કે તેના સાથી દેશો અત્યારે યુધ્ધમાં કૂદીને રશિયાને રોકી શકે તેમ નથી. આ તબક્કે અમેરિકા કૂદે તો યુધ્ધ અત્યંત ભીષણ સ્વરૂપ ધારણ કરે તેમાં શંકા નથી. રશિયા પરમાણુ બોમ્બનો ઉપયોગ કરવા થનગની રહ્યું છે. અમેરિકા યુધ્ધમાં કૂદીને રશિયાને એ તક આપી દે એટલું મૂરખ નથી જ. તેનું કારણ એ કે, અમેરિકા અને રશિયા સામસામે ભિડાઈ જાય તો અમેરિકાને વધારે નુકસાન થાય. રશિયા એક જ દેશ છે જ્યારે અમેરિકાની સાથે યુરોપીયન યુનિયનના ૩૦ દેશો છે. રશિયા આ તમામ દેશોમાં ભારે તબાહી વેરી શકવા સક્ષમ છે. પારકી પળોજણ વહોરીને પોતાનું નુકસાન કરવાની મૂર્ખામી બાઈડન ના જ કરે. રશિયાએ યુક્રેનને કરવું હતું એટલું નુકસાન કરી લીધું છે. અત્યારે જે સ્થિતી છે એ જોતાં રશિયા ત્રણ-ચાર દિવસમાં યુક્રેનના પ્રતિકારને ખતમ કરીને યુધ્ધ ખતમ કરી નાંખશે.

### ભારતે પણ ચાલાક ચીનથી ચેતતા રહેવું પડશે

# યુક્રેન જંગને પગલે બંને મહાસત્તાઓ નબળી પડતાં ચીન મજબૂત બનશે

નવીદિલ્હી,તા.૩

રશિયાએ ૨૪ ફેબ્રુઆરીએ યુક્રેન પર આક્રમણ શરૂ કર્યું તે સાથે યુરોપમાં શીતયુદ્ધના વાદળો ઘેરાઇ ચૂક્યા છે. અમેરિકાની આગેવાની હેઠળ નાટો અને તેના સાથી દેશોએ મોસ્કો સામે આર્થિક પ્રતિબંધો લાદવાની શરૂઆત કરી છે જેનો આડકતરો લાભ ચીનને થશે. યુએસ, રશિયા અને યુરોપિયન યુનિયનને આર્થિક નિયંત્રણોને કારણે સહેવું પડશે પણ ચીન આ મામલે તટસ્થ હોવાથી તેને કોઇ આર્થિક નુકશાન થવાની સંભાવના નથી. પરિણામે દુનિયાની ત્રણ મોટી આર્થિક તાકાતોને યુદ્ધની અસર થશે પણ ચીન તેમાંથી બાકાત રહેવાને કારણે ભવિષ્યમાં તેની આર્થિક સ્થિતિ મજબૂત બનશે.

યુક્રેન પર રશિયાએ આક્રમણ કર્યું ત્યારે ૨૭ ફેબ્રુઆરીએ ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ જર્મનીના વિદેશ પ્રધાન એનાલિના બારબોક સાથે ફોન પર યુક્રેનની સ્થિતિની ચર્ચા કરતાં જણાવ્યું હતું કે રશિયાની સુરક્ષાની ચિંતાને નાટોએ છેલ્લા પાંચ પગલાના સંદર્ભમાં જોવી જોઇએ. જેમાં નાટોએ પૂર્વ તરફ વિસ્તરણ કર્યું છે. વાંગે જણાવ્યું હતું કે શીત યુદ્ધ પુરૂ થઇ ગયું છે. તેથી નાટોએ તેની વ્યૂહરચના અને જવાબદારીઓ એ પ્રમાણે બદલવી જોઇએ. વાંગે એનાલિનાને સ્પષ્ટ જણાવ્યું હતું કે ચીન રશિયા પર આર્થિક નિયંત્રણો લાદવાની તરફેણમાં નથી. કેમ કે તેમાં બંને પક્ષોને નુકશાન છે.

ચીન આમ રશિયા પર આર્થિક નિયંત્રણો મુકવાની તરફેણમાં નથી અને બીજી તરફ રશિયા તરફી બેલારૂસે તેના બંધારણમાં સુધારો કરી તટસ્થતા શબ્દ દૂર કરીને રશિયાના અણુશસ્ત્રો તેની ભૂમિ પર ખડકવાની તૈયારી કરી હોવાથી યુરોપમાં સુરક્ષાનો મામલો પેચીદો બની ગયો છે. તેમાં પણ હવે યુક્રેનને યુરોપિયન યુનિયનનું સભ્યપદ આપવાનો નિર્ણય લીધો છે તેને કારણે રશિયા હવે તેની સુરક્ષાને મામલે નમતું જોખે તેમાં કોઇ માલ નથી. આમ હવે યુએસની આગેવાની હેઠળ નાટો યુરોપમાં રશિયાને ભીંસમાં લેવા મશગૂલ હશે ત્યારે ચીનને પેસિફિકમાં તેની મનમાની કરવાની તક મળી જશે.

હવે ચીન યુએસની આગેવાની હેઠળ નાટો દ્વારા રશિયા પર લદાઇ રહેલા આર્થિક નિયંત્રણો મામલે રશિયાને સહાય કરે તો તેમાં પણ ચીનને વધારે લાભ થાય તેમ છે. ચીન અને રશિયા વચ્ચે સહકાર સધાવાને કારણે ભારતની હાલત કફોડી થઇ શકે છે. હાલ ભારતની ૬૦ ટકા લશ્કરી જરૂરિયાતો મોસ્કો દ્વારા પુરી પડાતી હોઇ રશિયા-ચીન યુતિ ભારત માટે ઘાતક પુરવાર થઇ શકે છે. બીજી તરફ યુએસમાં નવેમ્બર ૨૦૨૨માં કોંગ્રેસની ચૂંટણી બાદ યુએસના પ્રમુખ જો બાઇડનની સ્થિતિ નાજુક બની રહે તેમ છે. હાલ ડેમોક્રેટ સેનેટમાં પાતળી બહુમતિ ધરાવે છે પણ નવેમ્બરમાં ચૂંટણી બાદ રિપબ્લિકનોની બેઠક વધશે તો બાઇડન માટે ધાર્યા કાયદા મંજૂર કરાવવાનું મુશ્કેલ બનશે. બીજી તરફ રશિયા આગામી મહિનાઓમાં આર્થિક નિયંત્રણોને કારણે નબળું પડશે. આમ, રશિયા અને યુએસ બંને નબળાં પડશે તો ચીનનો મહાસત્તા તરીકે ઉદય થશે. જરૂર પડે ચીન રશિયાને તેનું ઓઇલ સસ્તા ભાવે વેચવાની પણ ફરજ પાડી શકે છે. રશિયાએ આર્થિક નિયંત્રણો સામે માર્ગ કાઢવા ચીનનું કહ્યું કરવું પડે તેમાં કોઇ નવાઇ નથી.

# યુક્રેન યુદ્ધ વચ્ચે મુઘલ-રાજપૂત સંઘર્ષનો એંગલ આવ્યો તો ભડકી ગયા અસદુદ્દીન ઓવૈસી

હૈદરાબાદ,તા.૩

ઓલ ઈન્ડિયા મજલિસ એ ઈત્તેહાદુલ મુસલમીનના પ્રમુખ અને હૈદરાબાદના લોકસભા સાંસદ અસદુદ્દીન ઓવૈસી રશિયા યુક્રેન યુદ્ધમાં મુઘલોના ઉલ્લેખ પર ગુસ્સે થયા છે. ઓવૈસીએ યુક્રેનના રાજદૂત ઈગોર પોલિખાના નિવેદન પર સખત વાંધો ઉઠાવતા કહ્યું કે, તેમને ઈતિહાસની અધૂરી જાણકારી છે. ઉલ્લેખનીય છે કે, યુક્રેનના રાજદૂતે રશિયન હુમલાને નરસંહાર ગણાવ્યો હતો અને જણાવ્યું હતું કે, મુઘલોએ રાજપૂતો સાથે જે કર્યું હતું તે આ જ હતું. ભારતીય વિદ્યાર્થીના મૃત્યુ બાદ આપ્યું નિવેદન ભારતમાં રશિયાના રાજદૂત ઈગોર પોલિખાએ મંગળવારના રોજ યુક્રેનમાં રશિયન હુમલાને મધ્યયુગીન ભારતમાં રાજપૂતો વિરુદ્ધ કથિત મુઘલ નરસંહાર સાથે સરખાવ્યો હતો. યુક્રેનના ખાર્કિવ શહેરમાં રશિયન હુમલામાં ભારતીય વિદ્યાર્થીના મોત બાદ પોલિખા નવી દિલ્હીમાં ભારતીય વિદેશ મંત્રાલય પહોંચી હતી. આ દરમિયાન તેમણેપત્રકારો સાથેની વાતચીતમાં આ વાત કહી હતી.

રાજદૂતે પુતિનને રોકવાની અપીલ કરી મીડિયા સાથે વાત કરતા યુક્રેનના રાજદૂતે કહ્યું હતું કે, રશિયન હુમલો બિલકુલ મુઘલો દ્વારા રાજપૂતોના નરસંહાર જેવો છે. હું વિશ્વના તમામ પ્રભાવશાળી નેતાઓનેઅપીલ કરું છું કે, તેઓ તમામ સંસાધનોનો ઉપયોગ કરીને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સામેના હુમલાને અટકાવે. હું વડાપ્રધાન મોદીને પણ અપીલ કરું છું. હવેAIMIM નેતા ઓવૈસીએ આ નિવેદન સામે વાંધો ઉઠાવ્યો છે. ઓવૈસીએ કહ્યું - અધૂરું જ્ઞાન તમારી પાસે રાખો ઓવૈસીએ ટ્વીટ કરીને કહ્યું, માન્યવર ભારતના મધ્યકાલીન ઈતિહાસની અડધી પૂરી જાણકારી તમારી પાસે રાખો. તે ઈસ્લામોફોબિયાને છતુ કરે છે.

# દૂધ અને સિલેન્ડરના ભાવમાં ભડકો થયા બાદ ખાવાનું પણ મોંઘુ થશે

નવીદિલ્હી,તા.૩

કોરોનાના ઓમિક્રોન વેરિએન્ટ બાદ પ્રતિબંધોમાં ઢીલ આપવામાં આવી છે. ગ્રાહકો મોબિલિટીમાં સુધારો આવ્યા છે. તેનાથી રેસ્ટોરંટ્સ, કાફે અને ફાસ્ટ ફૂડ સંચાલકો માર્ચ મહિનામાં ખૂબ રિકવરીની આશા રાખીને બેઠા છે. પણ તેમની આ આશા નઠારી સાબિત થઈ. ૧ માર્ચ ૨૦૨૨થી દૂધના ભાવ વધી ગયા છે. કોમર્શિયલ ગેસ સિલેન્ડરના ભાવમાં વધારો અને સાથે સાથે તેલની કિંમતોમાં પણ વધારો થઈ ગયો છે. બે રૂપિયા પ્રતિ લિટર દૂધ મોંઘુ થયું છે, તો વળી અન્ય ડેરી પ્રોડક્ટ્સના ભાવ પણ વધ્યા છે. આપને જણાવી દઈએ કે, રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા જંગથી ખાવાનું તેલ પણ છેલ્લા એક અઠવાડીયામાં ખૂબ મોંઘું થયું છે.

વાત હજૂ અહીં પુરી થતી નથી. ઈંડિયન ઓયલ કોર્પોરેશને પણ કોમર્શિયલ ગેસ સિલેન્ડરની કિંમતમાં મોટો વધારો કરી રિકવરીની આશા પર પાણી ફેરવી દીધું છે. ૧૯ કિલોવાળા કોમર્શિયલ ગેસ સિલેન્ડરની કિંમતમાં ૧૦૫ રૂપિયાનો વધારો ઠોકી દેવામાં આવ્યો છે. દિલ્હીમાં હવે આ બાટલો ૨૦૧૨ રૂપિયામાં મળતો થશે. જે પહેલા ફેબ્રુઆરીમાં ૧૯૦૭ રૂપિયામાં મળતો હતો. કલકત્તામાં પણ તેની કિંમત હવે ૨૦૯૫ રૂપિયા થઈ છે, મુંબઈમાં ૧૯૬૩ રૂપિયા અને ચેન્નાઈમાં ૨૧૪૫ રૂપિયા થશે. દૂધ, તેલ, ગેસ બધાના ભાવ વધવાના કારણે રેસ્ટોરંટ, કાફે અને ફાસ્ટ ફૂડ સંચાલકો પર તેની ખૂબ માઠી અસર થઈ છે. એટલે કે, હવે રસ્તા પરની કોઈ લારી પર ઉભા રહીને ચા પીવાનું- સમોસા ખાવાનું અને રેસ્ટોરંટ તથા હોટલમાં સ્વાદિષ્ટ ભોજન પર આપને વધારે ખિસ્સુ ઢીલું કરવું પડશે.

# કાશ્મીરમાં આતંકીઓનો સામનો કરવા ગ્રામસુરક્ષા સમિતિઓને પુનર્જીવિત કરાશે

નવીદિલ્હી,તા.૩

કેન્દ્રીય ગૃહમંત્રાલયે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરની વિધાનસભા ચૂંટણી પહેલાં અહીંની ગ્રામસુરક્ષા સમિતિઓ (વિલેજ ડિફેન્સ કમિટી)ને પુનર્જીવિત કરવાનો નિર્ણય કર્યો છે. આ સમિતિઓ જમ્મુમાં આતંકવાદ ચરમસીમાએ હતો ત્યારે આતંકવાદવિરોધી અભિયાનોમાં સૌથી મહત્ત્વનું કામ કરતી હતી. તેની રચના ૧૯૯૫માં કરાઈ હતી. આ સમિતિઓને પુનર્જીવિત કરવાની યોજના હેઠળ તેના સભ્યોને અત્યાધુનિક હથિયારો પણ અપાશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દિલ્હીમાં ગ્રામસુરક્ષા સમિતિના પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કરી ત્યારે આ જાહેરાત કરી હતી. આ દરમિયાન સમિતિઓના સંપૂર્ણ રિવાઈવલ પ્લાન વિશે પણ ચર્ચા થઈ. શાહે પ્રતિનિધિમંડળને વિશ્વાસ અપાવ્યો કે પોતાના નવા અવતારમાં હાલની ગ્રામસુરક્ષા સમિતિઓનું નામ બદલીને ગ્રામસુરક્ષા જૂથ (વિલેજ ડિફેન્સ ગ્રૂપ) કરાશે. તેના સભ્યો ગ્રામસુરક્ષા જૂથ રક્ષક (વિલેજ ડિફેન્સ ગ્રૂપ ગાર્ડ્સ) તરીકે ઓળખાશે. આ દરેક જૂથમાં દસ સભ્ય હશે. તે બધાના રેંક સરખા હશે અને તેમને બેંક ખાતામાં માસિક પગાર પણ મળશે

# દેશમાં કોરોનાના કેસમાં ઘટાડો,છેલ્લા ૨૪ કલાકમાં ૬ હજારથી વધુ કેસ,૧૪૨ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૩

દેશમાં આજે જીવલેણ કોરોના વાયરસ રોગચાળાના કેસમાં ઘટાડો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૬ હજાર ૫૬૧ નવા કેસ નોંધાયા છે અને ૧૪૨ લોકોના મોત થયા છે. ગઈકાલે ૭૫૫૪ કેસ અને ૨૨૩ મૃત્યુ નોંધાયા હતા. એટલે કે ગઈકાલની સરખામણીએ આજે ??કેસમાં ઘટાડો થયો છે. જાણો દેશમાં કોરોનાની તાજેતરની સ્થિતિ શું છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર, ગઈકાલે દેશમાં ૧૪ હજાર ૯૪૭ લોકો સાજા થયા હતા, ત્યારબાદ સક્રિય કેસની સંખ્યા ઘટીને ૭૭ હજાર ૧૫૨ થઈ ગઈ છે. તે જ સમયે, આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૫ લાખ ૧૪ હજાર ૩૮૮ થઈ ગઈ છે. માહિતી અનુસાર, અત્યાર સુધીમાં ૪ કરોડ ૨૩ લાખ ૫૩ હજાર ૬૨૦ લોકો ચેપ મુક્ત થઈ ચૂક્યા છે.

દેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં એન્ટી-કોરોનાવાયરસ રસીના લગભગ ૧૭૮ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. ગઈકાલે ૨૧ લાખ ૮૩ હજાર ૯૬૭ ડોઝ આપવામાં આવ્યા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં રસીના ૧૭૮ કરોડ ૨ લાખ ૬૩ હજાર ૨૨૨ ડોઝ આપવામાં આવ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨ કરોડ (૨,૦૨,૫૪,૩૨૮) થી વધુ નિવારક રસીઓ આરોગ્ય કર્મચારીઓ, કોરોના યોદ્ધાઓ અને અન્ય રોગોથી પીડિત ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને આપવામાં આવી છે. દેશમાં કોવિડ વિરોધી રસીકરણ અભિયાન ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧ થી શરૂ થયું હતું અને પ્રથમ તબક્કામાં આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવી હતી. તે જ સમયે, કોરોના યોદ્ધાઓ માટે રસીકરણ અભિયાન ૨ ફેબ્રુઆરીથી શરૂ થયું હતું.

## તંત્રી સ્થાનેથી...

### વધતું સંકટ




***રશિયન સેનાએ યુક્રેનના બીજા સૌથી મોટા શહેર ખાર્કીવમાં કરેલા બોમ્બમારામાં ભારતીય વિદ્યાર્થીના મોતે ભારત સરકારની સાથે જ એ લોકોની ચિંતા વધારી દીધી છે, જેમનાં સ્વજનો ત્યાં ફસાયેલા છે. આ આઘાતકારી ઘટના બાદ ભારત સરકાર પર યુક્રેનથી પોતાના વિદ્યાર્થીઓને કાઢવા માટે ચલાવવામાં આવતા ઓપરેશન ગંગાને ઝડપી બનાવવાનું દબાણ વધવું સ્વાભાવિક છે, પરંતુ લોકો અને સાથે જ વિપક્ષી દળોએ સ્થિતિની ગંભીરતા સમજવી પડશે. કારણ કે ભારત સરકારે પોતાના લોકોને યુક્રેનથી સુરક્ષિત કાઢવા માટે પૂરી તાકાત ઝીંકી દીધી છે. જ્યાં વડાપ્રધાને યુક્રેનના પડોશી દેશોના શાસનાધ્યક્ષો સાથે વાત કરી છે, ત્યાં જ પોતાના ચાર મંત્રીઓને પણ ત્યાં મોકલ્યા છે. તે ઉપરાંત વાયુસેનાની પણ મદદ લેવાના પ્રયાસ થઈ રહ્યા છે. જ્યારે ભારતની જેમ અન્ય કોઈ દેશ પોતાના લોકોને યુક્રેનથી કાઢવા માટે જતન નથી કરી રહ્યા, ત્યારે એ જોવું દયનીય છે કે કેટલાક વિપક્ષી દળો અને ખાસ કરીને કોંગ્રેસના નેતાઓ પોતાની તમામ ઊર્જા કેન્દ્ર સરકારની નિંદા કરવામાં વાપરી રહ્યા છે. સંકટ સમેય આવી સસ્તી રાજનીતિ યોગ્ય નથી. તેનાથી તો એ લોકોની બેચેની વધી જશે, જેમના પુત્ર-પુત્રીઓ યુક્રેનમાં ફસાયા છે અને મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. વિપક્ષી દળોએ એ પણ યાદ રાખવું જોઇએ કે દુનિયાના કોઈપણ દેશમાં સંકટમાં ફસાયેલા લોકોને કાઢવા મામલે ભારતે હંમેશાં એક દ્દષ્ટાંત સ્થાપ્યું છે.***

***વિપક્ષી દળો એની અવગણના ન કરી શકે કે યુક્રેનની હાલત બહુ ખરાબ છે અને કોઈને પણ તેનો અંદેશો ન હતો કે રશિયા અચાનક ત્યાં હુમલો કરી દેશે અને તે પણ આટલો ભીષણ. ખાર્કીવમાં ભારતીય ક્ષાત્રના મોત બાદ જરૂરી ફક્ત એ જ નથી કે ભારત સરકાર યુક્રેન સરકારને પોતાના લોકોને ત્યાંથી સુરિક્ષત કાઢવામાં મદદ કરવા માટે વાત કરે, પરંતુ એ પણ છે કે રશિયાને પણ એ સંદેશ આપે કે તેણે ભારતીયોની સુરક્ષાની ચિંતા કરવી જ પડશે. ભારતમાં રશિયાના રાજદૂત દ્વારા રાષ્ટ્રપતિ પુતિનને એ સંદેશ પહોંચવો જોઇએ કે જો યુક્રેનમાં ફસાયેલા ભારતીય છાત્રોની મુશ્કેલીઓ વધી તો ભારત માટે યુક્રેન મામલે તટસ્થ રહેવું મુશ્કેલ થઈ શકે છે. રશિયાએ પણ સમજી લેવું જોઇએ કે જો યુક્રેનમાં તેના અંધાધૂંધ હુમલા ચાલુ રહ્યા અને તેમાં યુક્રેની જનતાની સાથે સાથે અન્ય દેશોના નાગરિકોના પણ જીવ જશે તો તેની વધી-ઘટી શાખ પણ રસાતળમાં જઈ પહોંચશે. આ જ યોગ્ય સમય છે કે રશિયા યુક્રેનમાં થોડા સમય માટે પણ યુદ્ધ વિરામ માટે તૈયાર થાય, જેથી નિર્દોષ-નિઃશસ્ત્ર લોકોના જીવ બચાવી શકાય.***

# ભાજપના ધારાસભ્યે મુખ્યમંત્રી નીતીશકુમારને જ નિશાન પર લીધા

પટણા,તા.૩

બિહાર વિધાનમંડલનું બજેટ સત્ર ચાલુ થઇ ગયું છે નાયબ મુખ્યમંત્રી તારકિશોર પ્રસાદે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે બજેટ રજુ કર્યું છે.બજેટ રજુ કર્યા બાદથી વિધાનસભાની કાર્યવાહી શરૂ થઇ ગઇ છે.ધારાસભ્ય પોતાના પ્રશ્નોના સરકારથી જવાબ માંગી રહ્યાં છે આવામાં વિરોધ પક્ષના નેતા સતત સરકારને ઘેરી રહી છે ત્યારે વિરોધ પક્ષની સાથે સાથે સત્તા પક્ષના નેતા પણ પોતાની જ સરકારને નિશાન બનાવતા જોવા મળી રહ્યાં છે.

આ ક્રમમાં ભાજપના ધારાસભ્યે સરકાર પર મોટો આરોપ લગાવ્યો છે.તેમણે કહ્યું કે ગૃહમાં સભ્યોના સવાલના જવાબ ખોટા આપવામાં આવી રહ્યાં છે.પૂર્વ મંત્રી અને ભાજપના ધારાસભ્ય નીતીશ મિશ્રાએ કહ્યું કે બે દિવસ પહેલા મેં ગૃહમાં ગૃહ વિભાગથી જોડાયેલ સવાલ પુછયો હતો જેનો જવાબ મને ખોટો આપવામાં આવ્યો હતો જયારે હવે મારા સવાલને જ ખોટો ઠેરવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ભાજપ નેતાએ કહ્યું કે વિધાનસભા અને વિધાન પરિષદ એક એવું પ્લેટફોર્મ છે જયાં ચુંટાયેલા સભ્ય પછી ભલે સત્તા પક્ષના હોય કે વિરોધ પક્ષના હોય તેમને સવાલનો યોગ્ય જવાબ જાણવાનો પુરો અધિકાર છે એ યાદ રહે કે બિહારમાં ગૃહ વિભાગની જવાબદારી મુખ્યમંત્રી નીતીશકુમારની પાસે છે આવામાં ભાજપના ધારાસભ્ય તરફથી આ વિભાગ સંબંધિત સવાલ ઉઠાવવા પર વિવાદ થાય તે નિશ્ચિત છે.

નીતીશ મિશ્રાએ કહ્યું કે અમે સવાલ ઉઠાવ્યો છે કે મુખ્યમંત્રી ક્ષેત્ર વિકાસ હેઠળ વિધાનમંડલના સભ્ય પ્રત્યેક વર્ષ ત્રણ કરો.

# ભારતીય વિદ્યાર્થીઓ યુક્રેનથી કૂતરા અને બિલાડીઓ પણ સાથે લાવ્યા





નવીદિલ્હી,તા.૩

યુદ્ધગ્રસ્ત દેશ યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને તેના સરહદી દેશો હંગરી, રોમાનિયા, પોલેન્ડ, સ્લોવાકિયામાંથી લાવવા માટે ભારતીય વાયુસેનાના સી-૧૭ વિમાન સહિત ઘણી ખાનગી એરલાઇન્સ પણ સતત ઉડાન ભરી રહી છે. ગુરુવારે, રોમાનિયાની રાજધાની બુખારેસ્ટથી લગભગ ૨૦૦ ભારતીય નાગરિકોને લઈને વાયુસેનાનું પ્રથમ વિમાન હિંડન એરબેઝ પહોંચ્યું હતું. આ પછી ભારતીય વાયુસેનાનું ઝ-૧૭, યુક્રેનમાં ફસાયેલા ૨૨૦ ભારતીય નાગરિકોને લઈને હેવી-લિફ્ટ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ હિંડન એરબેઝ પર પહોંચ્યું. ત્યારબાદ હંગરીની રાજધાની બુખાપેસ્ટથી ૧૮૩ મુસાફરોને લઈને એક વિશેષ વિમાન મુંબઈ પહોંચ્યું હતું. અત્યાર સુધીમાં લગભગ ૪૦૦૦ ભારતીયોને વતન લાવવામાં આવ્યા છે. આ ચક્ર સતત ચાલુ રહે છે. જ્યારે લોકો પોતાનો જીવ બચાવવા માટે અહીં-ત્યાં દોડી રહ્યા હતા, ત્યારે કેટલાક ભારતીય વિદ્યાર્થીઓ તેમની સાથે પાલતુ પ્રાણીઓ, કૂતરા અને બિલાડીઓ પણ લાવ્યા હતા.

યુક્રેનથી પરત ફરેલા હિંડન એરબેઝના સ્ટુડન્ટ ઝાહિદે કહ્યું કે હું યુક્રેનથી મારા મિત્રના કૂતરાને મારી સાથે લાવ્યો છું. ઘણા લોકો જેમની પાસે કૂતરા હતા તેઓ તેમને યુક્રેનમાં છોડી ગયા, પરંતુ હું આ કૂતરાને મારી સાથે પાછો લાવ્યો.યુક્રેનનો વિદ્યાર્થી ગૌતમ તેની સાથે તેની પાલતુ બિલાડી પણ લાવ્યો હતો. તે કિવમાં રહેતો હતો. તેણે કહ્યું કે આ બિલાડી છેલ્લા ૪ મહિનાથી મારી સાથે છે. તે મારી સાથે બંકરમાં રહી અને પછી અમે સાથે પોલેન્ડમાં જતાં રહ્યા. વિદ્યાર્થીઓ સહિત લગભગ ૧૭૦૦૦ ભારતીયો યુક્રેનમાં ફસાયેલા છે અને વડાપ્રધાને તેમને પાછા લાવવા માટે ઓપરેશન ગંગા શરૂ કર્યું છે. નાગરિક ઉડ્ડયન પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે બુધવાર અને શુક્રવાર વચ્ચે ૨૪ ફ્લાઈટ્સમાં લગભગ ૪,૮૦૦ ભારતીય વિદ્યાર્થીઓને બુખારેસ્ટ અને સુકીવિયા થઈને રોમાનિયામાં ખસેડવામાં આવશે.

# ગોરખપુરમાં મત આપ્યા બાદ યોગીએ કહ્યું, છઠ્ઠા અને સાતમા તબક્કામાં રેકોર્ડ બનશે

ગોરખપુર,તા.૩

ઉત્તર પ્રદેશમાં છઠ્ઠા તબક્કાનું મતદાન આજે સવારે ૭ વાગ્યાથી શરૂ થઈ ગયું છે. છઠ્ઠા તબક્કાની ચૂંટણીમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ગોરખપુર શહેરની બેઠક પરથી મેદાનમાં છે. ગુરુવારે સવારે મતદાન શરૂ થતાંની સાથે જ યોગી આદિત્યનાથે ગોરખપુરની પ્રાથમિક શાળા ગોરખનાથ કન્યા નગર વિસ્તારમાં મતદાન કર્યું હતું. આ પછી મીડિયાને સંબોધતા તેમણે વિધાનસભા ચૂંટણીમાં ૩૦૦ સીટો જીતવાનો દાવો કર્યો હતો.

સીએમ યોગી આદિત્યનાથે કહ્યું, 'લોકોમાં ઉત્સાહ છે. આ સામાન્ય લોકોની જાગૃતિનો પુરાવો છે કે લોકો તેમની બંધારણીય ફરજો પ્રત્યે જાગૃત છે. ૯ જિલ્લાના મતદારોને મારી અપીલ છે કે ભાજપને મત આપો, અમે ૮૦%થી વધુ બેઠકો જીતીશું અને ભાજપ રેકોર્ડ બનાવશે. પાંચ તબક્કામાં ચૂંટણી યોજાઈ છે. પાંચ તબક્કાના વલણોમાં ભાજપ સંપૂર્ણ બહુમતી સાથે આગળ છે. છઠ્ઠા તબક્કાની ચૂંટણીમાં જોરદાર સિક્સર જોવા મળશે. સાતમા તબક્કામાં આ આંકડો ૨૦૧૭ની તર્જ પર રેકોર્ડ બનાવતો જોવા મળશે.

મુખ્યમંત્રીએ કહ્યું, ''પીએમ મોદીના નેતૃત્વમાં, ભાજપ રેકોર્ડ બનાવશે અને ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં મોટી સંખ્યામાં બેઠકો જીતશે.'' અમે વિધાનસભા ચૂંટણીમાં ૩૦૦ બેઠકો જીતવાના અમારા લક્ષ્ય તરફ આગળ વધીશું.

## સરકાર પોતાનું કામ કરી રહી છે :સુપ્રીમ

નવીદિલ્હી,તા.૩

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો આજે આઠમો દિવસ છે. યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાંથી ભારતીય વિદ્યાર્થીઓને બહાર કાઢવા માટે ઓપરેશન ગંગા ચલાવવામાં આવી રહ્યું છે. યુક્રેનમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને બહાર કાઢવા માટે ભારત સરકારને નિર્દેશ આપવા માટે એક વકીલે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. તેમની અરજી પર આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ એનવી રમનાની અધ્યક્ષતાવાળી બેન્ચે કહ્યું કે ભારત સરકાર ભારતીયોને બહાર કાઢવાનું પોતાનું કામ કરી રહી છે. ઓપરેશન ગંગા હેઠળ આજે ૩૭૨૬ ભારતીયોને યુક્રેનથી પરત લાવવામાં આવશે. આ માહિતી કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાએ આપી છે.

# ઉત્તરાખંડ અને પંજાબમાં ભાજપની સરકાર આવશે નહીં : ભૂપેશ બઘેલ



ગાઝીપુર,તા.૩

ઉત્તરપ્રદેશ વિધાનસભા ચુંટણીના પ્રચાર પર ગાઝીપુર આવેલા છત્તીસગઢના મુખ્યમંત્રી ભુપેશ બઘેલે ભાજપ પર ભારે પ્રહારો કર્યા હતાં.તેમણે કહ્યું કે ભાજપની સરકાર સમસ્યા પેદા કરી શકે છે.તેનું સમાધાન નથી,તેમણે કહ્યું કે જે પ્રકારે ગત છ તબક્કામાં જનતાએ પોતાના મુદ્દા પર મતદાન કર્યું છે. આગામી તબક્કામાં પણ જનતા જાતિ ધર્મથી ઉપર ઉઠી મતદાન કરશે તેમણે કહ્યું કે કોંગ્રેસ જુમલેબાજીની પાર્ટી નથી તે જે કહે છે તેને પુરૂ કરીને જ રહે છે.

મુખ્યમંત્રી બઘેલે કહ્યું કે અત્યાર સુધીના મતદાનથી સાબિત થયું છે કે ઉત્તરાખંડમાં ભાજપની સરકાર બીજીવાર આવશે નહીં પંજાબમાં ભાજપ કયારેય હતી જ નહીં જયારે ઉત્તરપ્રદેશમાં ભાજપે ધર્મ અને જાતિના આધાર પર ચુંટણી કરાવવાનો પ્રયાસ કર્યો પરંતુ જનતાએ પોતાના મુદ્દા પર મતદાન કર્યું છે.

તેમણે કહ્યું કે કેન્દ્ર અને પ્રદેશની ભાજપ સરકારમાં બેરોજગારી મોંઘવારી બેલગામ થઇ ગઇ છે.કિસાનોને પાકના યોગ્ય ભાવ મળી રહ્યાં છે સવાલ કિસાનો યુવાનો અને ગૃહિણીઓનો છે પરંતુ બુલડોઝર નાથને બુલડોઝર ચલાવવાથી ફુરસત નથી બીજી પાર્ટીઓ ધર્મ અને જાતિના આધાર પર મત માંગી રહી છે જયારે કોંગ્રેસ પાર્ટી સામાન્ય જનતાના મુદ્દા પર ચુંટણી લડી રહી છે. તેમણે કહ્યું કે કોંગ્રેસનો મુખ્ય મુદ્દો છે કે કિસાનોને ભાવ મળે,બેરોજગારોને કામ મળે અને મહિલાઓને સમ્માન મળે વડાપ્રધાને ૨૦૨૨માં કિસાનોની આવક બેગણી કરવાની વાત કહી હતી પરંતુ આવક અડધી થઇ ગઇ કાળુ નાણું પરત લાવવાની વાત કરી હતી કાળા નાણાંની કોઇ માહિતી નથી બે કરોડ લોકોને રોજગાર આપવાની વાત કહી હતી લોકડાઉનમાં જેમની પાસે નોકરી હતી તે પણ છુટી ગઇ. ભાજપની સરકાર ફકત સમસ્યા પેદા કરી શકે છે સમસ્યાનું સમાધાન નહીં મોંઘવારી રોકવી છે યુવાનોને રોજગાર જોઇએ કિસાનોને ભાવ જોઇએ તો ભાજપને હરાવવી પડશે

# વિદેશી કરન્સીની ખરીદી પર ૩૦% કમિશન વસૂલવા રશિયન સેન્ટ્રલ બેંકનો આદેશ

નવીદિલ્હી,તા.૩

યુક્રેન સામે યુદ્ધ છેડતા દુનિયાના ટોચના દેશોએ રશિયા સામે મોરચો માંડ્યો છે. ચારેય તરફથી ઘેરવા માટે રશિયાના ટોચના સેક્ટર્સને નબળું પાડીને આર્થિક રીતે રશિયાને દબાવવાની ચાલ ખેલાઈ રહી છે.રશિયાના શેરબજાર અને રશિયાની કરન્સી પર તેની ગંભીર અસરો વર્તાઈ રહી છે. ચલણના ઘસારાને રોકવા માટે રશિયાની સેન્ટ્રલ બેંકે વ્યાજદર એક જ ઝાટકે બમણાં કર્યા બાદ હવે વિદેશી કરન્સીની ખરીદ પર ૩૦% કમિશન લાદવાનો નિર્ણય કર્યો છે.

રશિયાની સેન્ટ્રલ બેંકોના આદેશ કરતા પરિપત્રને ટાંકીને બ્રોકરોએ રોઈટર્સને આપેલ માહિતી અનુસાર સેન્ટ્રલ બેંકે કોઇપણ વ્યક્તિ દ્વારા કરન્સી એક્સચેન્જ પર ફોરેન કરન્સીની ખરીદી પર ૩૦% કમિશન વસૂલવાનો આદેશ કર્યો છે.

બેંકનો આ નિર્ણય રશિયન રૂબેલના ઘટાડાને રોકવા મહત્વપૂર્ણ ભાગ ભજવી શકે છે. દેશમાં કરેલ રોકાણ પરત ખેંચવા માટે રૂબેલની સામે વિદેશી કરન્સી એક્સચેન્જ થાય અને રૂબેલની મોટાપાયે વેચવાલીને અટકાવવા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સેન્ટ્રલ બેંકે આ અંગે જાહેરમાં આધિકારીક ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો છે પરંતુ બ્રોકરોને આ આદેશનું ફરજિયાત પાલન કરવા સૂચના આપવામાં આવી છે.

# ગંગા આરતી જોવા પહોંચેલા મમતા બેનરજી વિરુદ્ધ ભાજપના કાર્યકરોની નારેબાજી

વારાણસી,તા.૩

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમુલ કોંગ્રેસના અધ્યક્ષ મમતા બેનરજી દેશભરમાં વિરોધપક્ષોને મજબૂત અને સંગઠીત કરવા માટે કમર કસી રહ્યા છે. તેઓ હાલ ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી માટે ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. દરમિયાન મમતા વારાણસી ખાતે ગંગા આરતીના દર્શન કરવા પહોંચ્યા હતા. તેઓ દશાશ્વમેધ ઘાટ પર પહોંચતાં ભાજપના કાર્યકરોએ મોદી-મોદીના નારા લગાવવાનું શરૂ કરી દીધુ હતું. જો કે ત્યાં મોટી સંખ્યામાં મમતા સમર્થકો પણ હતા. તેમણે દીદી-દીદીના નારા લગાવ્યા હતા. મમતા બેનરજી ગંગા આરતી નિહાળી શકે એટલા માટે વિશેષ બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. જો કે બીજેપીના કાર્યકરોની નારેબાજીથી ખિજાઈને તેઓ સીડી પર બેસી ગયા હતા. ભાજપના કાર્યકરો પર મમતા બેનરજીને કાળા વાવટા દેખાડ્યા હોવાનો પર આરોપ છે. ભીડને ખસેડવા માટે પોલીસે ખાસ્સી મહેનત કરવી પડી હતી.

### એમસીએક્સ પર સોનાના વાયદાના ભાવમાં રૂ.૫૭૦ અને ચાંદીમાં રૂ.૫૯૯ની વૃદ્ધિ

# ક્રૂડ તેલમાં તેજીની આગેકૂચ જારી રહી વાયદો રૂ.૮,૮૧૭ને સ્પર્શ્યોઃ કોટનના વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યાઃ મેન્થા તેલ ઢીલુઃ રબરમાં સુધારો

### બુલડેક્સ વાયદામાં ૧૪૧ પોઈન્ટ, મેટલડેક્સ વાયદામાં ૬૩૫ પોઈન્ટ અને એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૧૮૯ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૩૧,૨૬૩ સોદાઓમાં કુલ રૂ.૨૩,૩૩૧.૧૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના માર્ચ વાયદામાં ૧૪૧ પોઈન્ટ, બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના માર્ચ વાયદામાં ૬૩૫ પોઈન્ટ અને ઊર્જા સૂચકાંક એનર્જી ઈન્ડેક્સના માર્ચ વાયદામાં ૧૮૯ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૫,૦૮૪ સોદાઓમાં કુલ રૂ.૫,૩૨૨.૨૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૫૬૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૮૮૩ અને નીચામાં રૂ.૫૧,૩૯૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૭૦ના ઉછાળા સાથે રૂ.૫૧,૮૬૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૦૧ વધી રૂ.૪૧,૩૪૭ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪૫ વધી રૂ.૫,૧૪૨ના ભાવે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૭,૨૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૭,૭૭૬ અને નીચામાં રૂ.૬૭,૨૨૯ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૫૯૯ની તેજી સાથે રૂ.૬૭,૫૬૨ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ. ૮૧૮ વધી રૂ.૬૮,૬૪૯ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૮૦૩ વધી રૂ.૬૮,૬૩૯ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫૮,૨૩૪ સોદાઓમાં કુલ રૂ.૬,૧૨૮.૮૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૮,૪૯૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૮૧૭ અને નીચામાં રૂ.૮,૪૯૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૩૬૯ વધી રૂ.૮,૬૧૨ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૯.૨૦ વધી રૂ.૩૬૬.૯૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯૪૪ સોદાઓમાં રૂ.૮૯.૬૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન માર્ચ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૭,૫૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૭,૫૪૦ અને નીચામાં રૂ.૩૬,૮૩૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦૦ ઘટી રૂ.૩૬,૯૨૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૯૪૦ના ભાવે ખૂલી, રૂ.૧૬ વધી રૂ.૧૬૮૨૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭.૬૦ ઘટી રૂ.૯૮૪.૩૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૫૩૧ સોદાઓમાં રૂ.૩,૦૨૮.૭૪ કરોડનાં ૫,૮૬૦.૮૫૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૬૫,૫૫૩ સોદાઓમાં કુલ રૂ.૨,૨૯૩.૫૩ કરોડનાં ૩૩૫.૩૫૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૩૯,૪૫૩ સોદાઓમાં રૂ.૪,૯૧૦.૧૨ કરોડનાં ૫૬,૮૮,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૧૮,૭૮૧ સોદાઓમાં રૂ.૧,૨૧૯ કરોડનાં ૩૨૯૪૩૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૭૨૯ સોદાઓમાં રૂ.૮૦.૯૪ કરોડનાં ૨૧૮૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૨૦૭ સોદાઓમાં રૂ.૮.૪૯ કરોડનાં ૮૬.૦૪ ટન, રબરના વાયદાઓમાં ૭ સોદાઓમાં રૂ.૦.૧૨ કરોડનાં ૭ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૮૩૫.૮૪૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૩૯૬.૪૭૮ ટન, ક્રૂડ તેલમાં ૧૪૭૭૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૭૪૧૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૮૮૫૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૩૦૯.૬ ટન, રબરમાં ૫૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૨૨૫૭ સોદાઓમાં રૂ.૨૩૦.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૫૮૫ સોદાઓમાં રૂ.૪૬.૯૫ કરોડનાં ૬૧૮ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૧,૩૭૫ સોદાઓમાં રૂ.૧૫૦.૦૨ કરોડનાં ૧,૪૫૫ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૨૯૭ સોદાઓમાં રૂ.૩૩.૧૨ કરોડનાં ૩૧૫ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૬૧૫ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૧,૩૧૭ લોટ્સ અને એનર્જીડેક્સ વાયદામાં ૨૦૪ લોટ્સના સ્તરે રહ્યો હતો. એનર્જીડેક્સ માર્ચ વાયદો ૮,૩૪૦ના સ્તરે ખૂલી, ઉપરમાં ૮,૫૦૭ અને નીચામાં ૮,૩૧૮ના સ્તરને સ્પર્શી, ૧૮૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૧૪ પોઈન્ટ વધી ૮,૩૪૦ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે બુલડેક્સ માર્ચ વાયદો ૧૫,૧૫૦ના સ્તરે ખૂલી, ૧૪૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૬૨ પોઈન્ટ વધી ૧૫,૨૪૭ના સ્તરે અને મેટલડેક્સમાર્ચ વાયદો ૨૦,૧૭૫ના સ્તરે ખૂલી, ૬૩૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૬૮૭ પોઈન્ટ વધી ૨૦૭૩૦ના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૬૨૨૪૪ સોદાઓમાં રૂ.૬,૩૭૦.૨૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૯૮.૫૬ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૪.૧૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૨૬૨.૦૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૬૧.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૯૬.૦૫ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ માર્ચ રૂ.૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૪૨૦ ખૂલી, ઉપરમાં રૂ.૫૯૯.૩૦ અને નીચામાં રૂ.૪૨૦ રહી, અંતે રૂ.૧૬૪ વધી રૂ.૫૦૧.૪૦ થયો હતો. જ્યારે સોનું માર્ચ રૂ.૫૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૫.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૫૬ અને નીચામાં રૂ.૨૦૦ રહી, અંતે રૂ.૫૮ વધી રૂ.૨૪૭.૫૦ થયો હતો. નેચરલ ગેસ માર્ચ રૂ.૩૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧.૯૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૬.૩૦ અને નીચામાં રૂ.૨૧.૯૦ રહી, અંતે રૂ.૫.૨૫ વધી રૂ.૨૩.૧૫ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ માર્ચ રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૪૯ ખૂલી, ઉપરમાં રૂ.૩૪૯.૮૦ અને નીચામાં રૂ.૨૭૫ રહી, અંતે રૂ.૯૧.૫૦ ઘટી રૂ.૩૩૪.૨૦ થયો હતો. જ્યારે સોનું માર્ચ રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૫ ખૂલી, ઉપરમાં રૂ.૩૦૯.૫૦ અને નીચામાં રૂ.૨૨૫ રહી, અંતે રૂ.૮૦.૫૦ ઘટી રૂ.૨૫૨ થયો હતો. નેચરલ ગેસ માર્ચ રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦.૯૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૧.૪૦ અને નીચામાં રૂ.૧૬.૯૫ રહી, અંતે રૂ.૩.૧૫ ઘટી રૂ.૨૧.૦૫ થયો હતો.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




NOS SS No:-106
વિષયઃ-"નારી શક્તિ"મહિલા વિશેષ યોગદાન
શીર્ષકઃ-" સ્ત્રી ખોવાઈ ગઈ"
મુક્તિદા કુમાર
"મનચલી"

ઓ હાં.. રે હું તો
ખોવાઈ ગઈ..
તારા ફળિયામાં
મનના પટાંગણે
મારાં જીવતરમાં રંગ ભરતી
ખોવાઈ ગઈ..
ક્યારે?
ખબર નથી.
શોધું છું મને
જો અહીં તહીં !
હું શોધ્યા કરું છું,
એક પિયરના પડાવમાં
કે સાસરિયાંના સંગાથમાં
અહીં કે તહીં?
જોને હું શોધું,
શોધતી જ રહું,
મારાં બાળકના બબડાટમાં
એની કાલીઘેલી બોલી
મારી જિંદગીની હેલી!!! સંસારના સાગરમહીં પડી
જો મળે અહીં?
મળું તો કહેજો ને..
હું તો ખોવાઈ ગઈ!!!
જિંદગાનીના
મેળાની એ વાટમાં?
કે તારા ફળિયામાં?
મનના પટાંગણે?
શોધું છું મને
ખબર નથી!
ક્યાંય છું હું? ક્યાંક હું??!
શોધું છું મને હું..
હું તો ખોવાઈ ગઈ..
"ભીતર પડી મહીં".
ભીતર અહીં તહીં.

મુક્તિદા ઓઝા

---

NOG SS No : 0989
વિષય નારી શક્તિ મહિલા દિન
પદ્ય
શીર્ષક તારા વિના
નારી વિના દુનિયાની કલ્પના અસંભવ
નારી તું છે જગતની જનની
હરદમ
નારી તું નારાયણીનો સાદ છે શાશ્વત
નારી તું નારાયણી નારી તું નારાયણી
જગતમાં નારી તું શક્તિનો પુંજ છે
તારે પ્રતાપે ધર્મ નો ગઢ અતૂટ છે
તું છે તો જગતમાં દયાની ગંગા છે
નારી તું નારાયણી નારી તું નારાયણી
માતા દીકરી બહેન પત્ની રુપ તારા ઝુઝવા
પ્રેમાળ પવિત્રતાની સરગમ લાગે ગુંજવા
કુટુંબમાં હેતે સહુ વડીલને લાગે પૂજવા
નારી તું નારાયણી નારી તું નારાયણી
સુંદર સંસ્કારથી નેલાગણી ના ધોધથી
સમય સાચવે તું તારી સુઝ
બુધ થી
જરુરત પડે તયારે રણચંડી
ના સાદથી નારી તું નારાયણી નારી તું નારાયણી
પુણ્ય શ્લોક અહલયા ના દિવ્ય કરમે
ઝાંસીની રાણી ને સીતાના
દિવ્ય માર્ગે
નારી તું હંમેશા પૂજ્ય ધરતી ને સ્વર્ગે
નારી તું નારાયણી નારી તું નારાયણી

પ્રવિણા કડકિયા.હ્યુસ્ટન

---

NOG SS No : 0112
વિષય -નારી શક્તિ મહિલા દિન
વિભાગ -પદ્ય
શીર્ષક - માઁ કહો કે સન્નારી, હતી આખર એક નારી.
અભણ હતી છતા, દુઃખ અમારા જાણતી,
અસર કરે નહિ દવા, તો નઝર પણ ઉતારતી
માઁ કહો કે સન્નારી,હતી આખર એક નારી.
દુઃખના ડુંગરો ખુબ જોયા , છતા હિંમત કદી ન હારી હતી
જુના જમાનામાં જીવતી , છતાં અમારી એ. ટી. એમ. હતી.
માઁ કહો કે સન્નારી, હતી આખર એક નારી.
હરતી ફરતી જ્ઞાન તણી, એકમાત્ર યુનિવર્સીટી હતી,
ગળથુથીમાં જ સંસ્કારનુ સિંચન આપતી હતી.
માઁ કહો કે સન્નારી,હતી આખર એક નારી.
ગરીબ ખુબ હોવા છતા, દિલની ખુબ અમીર હતી,
" રાજ " રડતી આંખો એ પણ આશિષ સુખના આપતી.
માઁ કહો કે સન્નારી, હતી આખર એક નારી.

રચના-રાજેશભાઇ વ્યાસ, ધ્રુવનગર, મોરબી

---

NOG SS NO - 0037
વિષય - મહિલા દિવસ અંતર્ગત રચના.
વિભાગ - પદ્ય.
શીર્ષક - નારી.
હે નારી તું નારાયણી,તું શક્તિનો સ્ત્રોત.
સ્વને તું ઓળખજે, તું જ સમાન ન કોઈ.

તું લક્ષ્મી તું સાવિત્રી, તું સીતા ને ગીતા.
તારા ગુણલાં ગાય સદા,
નર ને નારાયણ.
તુજમાં શકિત,તુજમાં ભક્તિ,
તુજમાં સહનશીલતા ભરપૂર!
તુજમાં મમતા તુજમાં સમતા,
તુજમાં કરુણા, કલ્પના અમૂલ્ય!
તું ત્યાગી તું વૈરાગી, તું જગતની જનેતા.
તારા ચરણો સ્પર્શવા,અંબર પણ વરસતા.
ભૂત,ભવિષ્ય વર્તમાન તુજમાં સમાયાં,
તપસ્વીઓનું તપ,મૌન, જળની નિર્મળતામાં શક્તિ રૂપા તું.
સુંદરતાની તું પરિભાષા, જ્ઞાનની ગંગા.
બની રહેતી તું અબળા,
એ જ તારી મહાનતા.
સંત,શૂરા, વીરો, રામ કૃષ્ણની
તું છો પાવક જનેતા,
ધન્ય ધન્ય તારી કુરબાનીની કથાઓ!
હે નારી શકિત.

હેમલતા દિવેચા ' હેમ '

## જાણવા જેવું.

૧૯૯૦માં કુવૈત અને ઈરાક વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે ભારત સરકારે ઓપરેશન ડેઝર્ટ સ્ટ્રોમ ચલાવીને ૧,૭૦,૦૦૦ ભારતીયને ઓમાન અને જોર્ડનથી રેસ્ક્યુ કર્યા હતા. એ વિશ્વનું સૌથી મોટું રેસ્ક્યુ ઓપરેશન હતું. એર ઇંડિયાની ૪૮૮ ફ્લાઈટ્સ ઉડાડવામાં આવી હતી. ને પાછા એ ફ્લાઈટ ઉડાડનારા પાઈલટ વાયુસેનાના નહીં, પણ કમર્શીયલ પાઈલટ હતા.તેમને વૉરઝોનમાં વિમાન ઉડાડવાનો કોઈ અનુભવ નહોતો. તેમ છતાં તેમણે વીરતા બતાવી કુવૈતમાં કામ કરતા ૧,૭૦,૦૦૦ ભારતીયને હેમખેમ વતન પહોંચાડેલા. એ શૌર્યગાથાને બિરદાવતી ફિલ્મ પણ આવેલી ૨૦૧૬માં. એરલિફ્ટ, જેમાં અક્ષય કુમારે અભિનય કરેલો. તત્કાલીન વિદેશ મંત્રી આઇ. કે. ગુજરાલ પોતે ત્યાં ગયેલા.

૧૯૯૦માં ત્યારની સરકારે લાખો લોકોને બચાવ્યા હતા. ત્યારે મોદી નહોતા, પરંતુ તે સમયની સરકાર પોતાના લોકો પ્રત્યેની જવાબદારી ટોચ પર માનતી હતી.

૨ ઓગસ્ટ, ૧૯૯૦ ના રોજ, ગલ્ફ વોર શરૂ થયા પછી, ત્યાં ફસાયેલા અઢી લાખ ભારતીયોને તત્કાલીન સરકારે સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. આ માટે વિદેશ પ્રધાન ઈન્દર કુમાર ગુજરાલ, અને અધિક સચિવ આઈપી ખોસલા બગદાદ પહોંચ્યા હતા. જ્યાં ગુજરાલ સદ્દામ હુસૈનને મળ્યા. આ બેઠકમાં સદ્દામ હુસૈને ગુજરાલને ગળે લગાવ્યા અને વાતચીત ખૂબ જ સારી રહી. આ પછી, સદ્દામે ભારતીયોને બચાવ કામગીરી હાથ ધરવાની પરવાનગી આપી.


તે સમયે ૧૩ ઓગસ્ટથી ૧૧ ઓક્ટોબર ૧૯૯૦ સુધી ચાલેલા આ બચાવ અભિયાનમાં અમ્માનથી ભારતની લગભગ પાંચસો ફ્લાઈટ્સ ઉડાન ભરી હતી,

એ વખતે ભારતથી ખાલી મોકલેલી ફ્લાઈટ ત્યાં જઈને ફ્લાઈટ ભરાઈ જતી, એ ફ્લાઈટનો ખર્ચ કોણે ઉઠાવ્યો હશે? તે સમયે ભારતીય દૂતાવાસના કર્મચારીઓ આજે યુક્રેનની જેમ તેમની ઓફિસ બંધ કરીને ભાગ્યા ન હતા, પરંતુ તે સમયે એમ્બેસીના અધિકારીઓ દરરોજ ત્યાંના સ્થાનિક બસ પ્રબંધકોનો સંપર્ક કરતા હતા અને શરણાર્થીઓને બસરા, બગદાદ અને અમન થઈને ૨૦૦૦ કિ.મી. દૂર એરપોર્ટ સુધી લઈ જતા હતાં. દરરોજ ૮૦ બસોનો ઉપયોગ થતો હતો. આની પાછળ ઈચ્છાશક્તિ કામ કરે છે

તમને ખબર હોવી જોઈએ કે એર ઈન્ડિયાની મદદથી લગભગ ૧૭૦૦૦૦ ભારતીયોને બહાર કાઢવાના આ અભિયાનને વિશ્વનું સૌથી મોટું રેસ્ક્યુ ઓપરેશન માનવામાં આવે છે. તે વખતની સરકારે ચૂંટણીમાં તે ઓપરેશન ના નામે વોટ ની રોકડી કરવામાં આવી ન હતી.

અને એક વાત સમજો, આ ઘટના વિશે અક્ષય કુમારે બનાવેલી ×એરલિફ્ટ× ફિલ્મ બની હતી, તેમાં કોઈ રાજીવ કાત્યાલ ટાઈપનો બિઝનેસમેન નહોતો. એ ઓપરેશન માત્ર ને માત્ર ભારતના વિદેશ સેવા ના અધિકારીઓ અને એર ઈન્ડિયા નાં કર્મચારીઓને આધારે પાર પડ્યું હતું.

## વડોદરા ગ્રંથગોષ્ઠિના ઉપક્રમે પ્રબીર ગૌરાંગ ભટ્ટ 'શાગિર્દ" રચિત "હમદર્દી નહીં હાથ ચાહીએ" નો વાર્તાલાપ.. ડૉ.સતીન દેસાઈ "પરવેઝ" દીપ્તિ "ગુરૂ" કરશે




વડોદરા ગ્રંથગોષ્ઠિના ઉપક્રમે પ્રબીર ગૌરાંગ ભટ્ટ 'શાગિર્દ" રચિત "હમદર્દી નહીં હાથ ચાહીએ" નો વાર્તાલાપ..ડૉ.સતીન દેસાઈ "પરવેઝ" દીપ્તિ "ગુરૂ" કરશે.

વડોદરા ખાતે કેટલાયે વરસોથી દર પ્રથમ અને ત્રીજા શનિવારે સરદાર ભુવન પહેલે માળે, જ્યુબિલી બાગ પાસે ચાલતી કવિ શ્રી હસિત બુચ સ્થાપિત ગ્રંથગોષ્ઠિના ઉપક્રમે આ શનિવાર, પાંચમી માર્ચ સાંજે પાંચ વાગે અમિતાભ બચ્ચનના શાગિર્દ અમદાવાદના કવિ પ્રબીર ગૌરાંગ ભટ્ટ "શાગિર્દ" રચિત "હમદર્દી નહીં હાથ ચાહીએ " કાવ્ય સંગ્રહ વિશે જાણીતા સાહિત્યકાર ડૉ.સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ"ગુરૂ " વક્તવ્ય આપનાર છે. આ અવસરે અમદાવાદથી પ્રબીર પરિવાર પણ હાજર રહી પ્રબીર ફાઉન્ડેશનના શુભારંભની જાહેરાત કરનાર છે. જેમાં માતા ડૉ.દક્ષા બહેન ભટ્ટ આશીર્વચન આપશે. શ્રીજલ તથા કલ્પેશ શાહ પ્રબીર રચિત ગાન ગાશે ,કે જેનાં સ્વરાંકન દાહોદના સંગીતકાર રાજુભાઈ ગોહિલે કર્યા છે. સમગ્ર કાર્યક્રમને એમના સંચાલક વડોદરાના અધ્યાત્મ પુરૂષ મોહન ભાઈ બારોટ એમની વાણીથી શણગારિત કરશે. આ કાર્યક્રમ જાહેર હોઈ રસિકોને આમંત્રણ છે.

## ડાંગ જિલ્લાના ૩૧,૯૫૨ બાળકોને પોલિયો પીવડાવાયો

આહવા તાઃ ૦૩:

દેશમાંથી પોલિયોને દેશવટો આપવાના ચાલી રહેલા રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત, ડાંગ જિલ્લામા ગત તા.૨૭ ફેબ્રુઆરીના પોલિયો અભિયાન દરમિયાન કુલ ૨૭,૮૨૧ બાળકોને પોલિયોના ટીકા પીવડાવવા સાથે, અભિયાનના ત્રણ દિવસો દરમિયાન કુલ ૩૧,૯૫૨ બાળકોને પોલિયો રસીકરણમા આવરી લેવાયા છે.



જિલ્લાના આરોગ્ય વિભાગ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર પોલિયો રસીકરણ અભિયાનના પ્રથમ દિવસે ૨૪,૩૧૪ બાળકો સહિત ૩,૫૦૭ બાળકોને ટ્રાન્ઝિટ પોઈન્ટ હાટ બજારમા પોલિયોના બે ટીપા પીવડાવતા કુલ ૨૭,૮૨૧ બાળકોને આવરી લેવાયા હતા. જ્યારે અભિયાનના બીજા દિવસે ૩૪૨૮, અને ત્રીજા દિવસે ૬૯૩ બાળકોને ઘરેઘરે ફરીને પોલિયો પીવડાવતા કુલ ૩૧,૯૫૨ બાળકોને આ અભિયાન હેઠળ આવરી લેવાયા હતા.

કાર્યક્રમના પ્રથમ દિવસે ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ સહિત અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.હિમાંશુ ગામિતે પણ પોલિયો બુથની મુલાકાત લઈ, લાભાર્થી બાળકો અને ગ્રામીણ વાલીઓને પ્રોત્સાહિત કર્યા હતા. જ્યારે ગ્રામીણ આરોગ્યકર્મીઓ ગામડાઓ ખૂંદીને, લક્ષીત બાળકો સુધી પહોંચ્યા હતા.

નરેન્દ્ર પવાર,ડાંગ

## અમેરિકા સ્થિત કવયિત્રી પ્રીતિ શાહ- સેન ગુપ્તાની ગઝલ 'બે તરફી પ્રેમની ગઝલ'નો આસ્વાદ..

**બેતરફી પ્રેમની ગઝલ :**

મારું આ રીતે ન્યૂયૉર્કમાં હોવું -
હશે તે શું બીજા કોકમાં હોવું?
હશે જન્મનું જ શહેર એક સાચું?
બાકીનું જીવવું શું ફોકમાં હોવું?
ખરેખર કશુંયે મેં ખોયું નથી,
છે બબ્બે માદળિયાંનું ડોકમાં હોવું.
વળી, ક્યાં હવે શોધ બાકી રહી?
ગમતીલી યાદોનું થોકમાં હોવું.
પણ પૂછતાં રહે છે પરસ્પર બધાં:
વધુ સારું છે કયા લોકમાં હોવું?
મળ્યું છે મને તો બંને તરફથી.
પ્રેમનું યે બેતરફી ઝોકમાં હોવું.
(ને) એકથી વધુ ઘર હોઈ શકે છે.
શા માટે શાશ્વત શોકમાં હોવું?
દિલને તો ગમતું સઘળી જગ્યાએ.
આનંદે, બસ, છડે ચૉકમાં હોવું.
ઈચ્છા મુજબનું રહ્યું ઊડવું, ને
ના કોઈની રોકટોકમાં હોવું.

પ્રીતિ શાહ - સેનગુપ્તા
(વાઈમૌમા,ફ્લોરિડા-અમેરિકા )

અમેરિકા વાસી પ્રીતિ શાહ- સેનગુપ્તા ખરેખર શાહ અને સેનગુપ્તા બન્નેના આત્મ નિવાસે સમસ્તિમાં બેરોકટોક સ્વૈચ્છિક આનંદ વિહાર કરે છે. જેની સઘન અનુભૂતિ આપણને ઉપરૉક્ત 'બે તરફી પ્રેમની ગઝલ'માં એ કરાવે છે. જેમાં પારસ્પરિક

પ્રણયની સીમાઓ વ્યક્તિથી માંડી, સ્થળ-કાળ અને લોક-પરલોક સુધીની જ હોવાથી નવેનવ શેર નવરસના મોતીની જ માળાઓ ગૂંથે છે. જેનો વિસ્તૃત અભ્યાસ કરીએ.

'મારું આ રીતે ન્યુયોર્કમાં હોવું.
હશે તે શું બીજા કોકમાં હોવું?'

પરકાયા પ્રવેશિતા એ ગઝલની સાધ્ય યોગિક પ્રક્રિયા છે.જેને પ્રીતિ જીએ સહજ

સાધી હોય એવો એહસાસ થાય છે. ન્યુયોર્કવાસ કવયિત્રીમાં અન્યના હાર્દમાં નિવાસી હોવાનો પ્રશ્ન જન્માવે છે! ત્યારે મને મારો આ એક ઉર્દૂ શેર યાદ આવ્યા વિના કેમ રહી શકે?

'ચુપકે સે મેરે અંદર યે કૌન સો રહા હૈ?
યૂં કિસકી હસરતોં કા આખિર ગુલામ હૂં?'

સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ'ગુરુ'

પ્રશ્નાવલીની આ પરંપરા બીજા શેરમાં ય ક્યાં અટકે છે? આમ તો પ્રત્યેક માનવને એનાં જનમનું ધામ જ અસલી નાભિચૈતન્ય

ઉલ્લાસ દઈ શકે છે..એ સિવાયના અન્ય આવાસો તો એની રઝળપાટની સદીઑ

વણે છે..એ વિશે આ મૂળ અમદાવાદનો જીવ કવચિત સૂક્ષ્મ વિરહાનુભૂતિને ચીતરે છે.

'હશે જન્મનું જ શહેર એક સાચું,
બાકીનું જીવવું શું ફોકમાં હોવું?'

ન્યુયોર્ક જેવો નગરનો નામવાચક કાફિયો બીજા શેરના હિન્દી કાફિયા ફોક અર્થાત વ્યર્થને અસલી જન્મ વાણીશૈલીનો પાઠ ભણાવતો હોય એમ શું નથી લાગતું?

કવયિત્રી સદૈવ પ્રસન્નચિત્ત હોવાની જે પ્રકારે

રમણા કરે છે..એનાં ચમત્કારો વિશે ત્રીજો

શેર આપણને એમની એક નહીં પણ બબ્બે માદળિયાંનાં સુરક્ષા વરદાન પામેલી ડોક તરફ દ્રષ્ટિ કરવા પ્રેરે છે. એમનું આ સ્વરૂપ પણ વિદેશમાં માણીએ.

ખરેખર કશું યે મેં ખોયું નથી,
છે બબ્બે માદળિયાંનું ડોકમાં હોવું.

હોવું અર્થાત અસ્તિત્વવાચી રદીફને દોહરાવતી આ ગઝલ પરિપૂર્ણ મહેચ્છાઓની થોકબંધ મિલ્કત યાદોંના

ખજાનામાં પામી, સ્થિતપ્રજ્ઞામાં કેવું લહેરે છે?

'વળી ક્યાં હવે શોધ બાકી રહી?
ગમતીલી યાદોંનું થોકમાં હોવું.'

સ્વવાચક પ્રશ્ન સ્હેજ હવે વળાંક લઈ પંચમ શેરમાં પરવાચક પ્રશ્ન રૂપે ઉત્તમ નિવાસી લોક વિશે સંશયાત્મક પૂછતાછ આમ કરે છે.

'પણ, પૂછતાં રહે છે પરસ્પર બધાં,
વધુ સારું છે કયા લોકમાં હોવું?'

કવિયત્રી તો સહજ સ્થળ પરિસ્થિતિની સકારાત્મક સંગતીમાં જ કોળે છે..કિંતુ આ લોક કે પરલોક અથવા વિભિન્ન જન સમુદાયની વ્યાખ્યાઓમાં જીવતો જીવ ક્યાં કૉઈ સ્થળે સંતર્પક ઓડકાર લઈ શકે છે?

કવિયિત્રી ખરેખર પારસ્પારિક દ્વિ તરફી પ્રીત વરદાનના હકદાર હોવાથી એમને એક તરફી નહીં પણ બેઉ તરફનો પ્રેમ , ઈશ્કે-મિજાજી એવમ ઈશ્કે-હકીકીના સ્વરૂપે પ્રાપ્ત હોવાથી એમની ઉલ્લાસલીલા આ પ્રકારે એ કરે છે.

મળ્યું છે મને તો બંને તરફથી,
પ્રેમનું ય બેતરફી ઝોકમાં હોવું?

આ શેર અધ્યાત્મ ચૈતન્ય અણસારે મને મારો ય અપ્રતિમ પ્રણય વિશેનો આ ઉર્દૂ શેર વણાવે છે.

'મેરે હી અંદર બસી હૈ મીરાં, મેરે હી અંદર બસી હૈ રાધા,
વો ઈશ્ક જિસને ખુદાઈ પાઈ, ,વો ઈશ્ક કા હી જમીર હૂ મૈં.'

સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ'ગુરૂ'

હવેનો સાતમો શેર સ્વપ્રીત ક્રીડાનો હાસિલે- ગઝલ શેર હોઈ, આપણને ખરા આત્મનિવાસનું સરનામું આપે છે. જે નિવાસ એક કરતા અધિક હોઈ સમસ્ત બ્રહ્મને સાંકળી એનાં પ્રત્યેક સ્થળની અવિભાજયતા વિશેનો ઝળહળાટ પાથરે છે.

'(ને) એકથી વધુ ઘર હોઈ શકે છે,
શા માટે શાશ્વત શોકમાં હોવું?

×એકથી વધુ ઘર× ની આ સમાસિક અવસ્થા દ્વૈતમાં ય ચીરાનંદી અદ્વૈત સ્થાપે છે.

આવી અવિભાજ્ય આનંદ ઋચાના આ સ્વામી અંતિમ બે શેરમાં અફર નિજાનંદની


અવસ્થાઓને ગમે તે સ્થળે ગમે તે કાળે, યથાવત પામી જે પરા અવકાશી હિલ્લોળા

ઝૂલે છે..એને સમાનાર્થી આ શેર સમર્થન આપે છે.

'દિલને તો ગમતું બસ સઘળી જગાએ,
આનંદે બસ છડેચોકમાં હોવું.
ઈચ્છા મુજબનું રહ્યુ ઊડવું , ને
ના કોઈની રોકટોકમાં હોવું .'

સ્વૈચિક ઉડાનનો અતિઈન્દ્રિય ઝળહળાટ મને ગુરૂવર રાજેન્દ્રશુક્લની આ પંક્તિ આંજવા પ્રેરે છે.

×હોઈએ ત્યાં જ ઝળહળીએ અમે.



સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ'ગુરૂ'
અમદાવાદ

## એક સપ્તાહમાં માર્યા ગયા ૯૦૦૦ રશિયન સૈનિક : રાષ્ટ્રપતિ ઝેલેન્સકીનો દાવો



કીવ,તા.૩

રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને યુક્રેન પર ઓલઆઉટ હુમલાને મંજૂરી આપ્યાના એક અઠવાડિયા પછી, યુક્રેનના રાષ્ટ્રપતિ લોદીમીર ઝેલેન્સ્કીએ બુધવારે મોડી રાત્રે ટેલિગ્રામ મેસેજિંગ સેવા પર પોસ્ટ કરેલા એક વીડિયોમાં તેમના દેશવાસીઓને સંબોધિત કર્યા. જેમાં તેમણે કહ્યું કે યુક્રેન 'કાયર' રશિયાના અભિમાનને તોડવામાં સફળ રહ્યું છે. ઝેલેન્સ્કી કહે છે કે તેમના દેશે એક અઠવાડિયામાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ઘણા વર્ષોની યોજનાઓને તોડી નાખી છે. ઝેલેન્સકીએ કહ્યું, "દરેક પકડાયેલાને ખબર હોવી જોઈએ કે તે યુક્રેનના લોકો તરફથી ઉગ્ર બળવો મેળવશે, જેથી તે હંમેશા યાદ રાખશે કે અમે હાર માનીશું નહીં." તેમણે વીડિયો સંદેશમાં કહ્યું, 'પુતિન વર્ષોથી જે યોજનાઓ તૈયાર કરી રહ્યા હતા તેને અમે નષ્ટ કરી દીધું છે. તેમનું મનોબળ ઘટી રહ્યું છે અને વધુને વધુ લોકો વતન પરત જવા માટે સ્થળાંતર કરી રહ્યા છે. હું યુક્રેનના લોકોની નિષ્ઠાપૂર્વક પ્રશંસા કરું છું, જેઓ શસ્ત્રો વિના ઘરની બહાર નીકળી જાય છે અને તેમના શહેરોમાંથી કબજો કરનારાઓનો પીછો કરે છે.આ સંદેશમાં રાષ્ટ્રપતિએ દાવો કર્યો હતો કે એક અઠવાડિયામાં લગભગ ૯,૦૦૦ રશિયનો માર્યા ગયા છે. જો કે, હુમલો શરૂ થયા બાદ પ્રથમ વખત રશિયાએ કહ્યું છે કે તેના ૪૯૮ સૈનિકો માર્યા ગયા છે. યુકે સાથે ચાલી રહેલા યુદ્ધની વચ્ચે બુધવારે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ રશિયાની નિંદા કરતો ઠરાવ પસાર કર્યો હતો. રશિયા વિરુદ્ધ ૧૪૧ વોટ પડ્યા જ્યારે સમર્થનમાં માત્ર ૫ વોટ પડ્યા. તે જ સમયે, ૩૫ દેશોએ તેમાં ભાગ લીધો ન હતો. રશિયા સામેના ઠરાવમાં ભારતે પોતાને દૂર રાખ્યા હતા. યુએનએસસી પછી, યુએનજીએમાં પણ, ભારતે ગેરહાજર રહીને પોતાને પ્રસ્તાવથી દૂર રાખ્યો. રશિયા સિવાય બેલારુસ, સીરિયા, નોર્થ કોરિયા (ડીપીઆરકે), એરિટ્રિયાએ રશિયાની તરફેણમાં મતદાન કર્યું. યુક્રેન પર રશિયન હુમલા બાદ તબાહીનો માહોલ જોવા મળી રહ્યો છે. બંને વચ્ચે ભીષણ યુદ્ધ અને ભારે ગોળીબાર થાય છે. બંને દેશોના સૈનિકો ઘણી જગ્યાએ સામસામે છે. એવું માનવામાં આવે છે કે રશિયા ટૂંક સમયમાં રાજધાની કિવ પર કબજો કરી શકે છે. તે જ સમયે, યુક્રેનની સેના પણ રશિયન સેનાનો મજબૂતીથી સામનો કરી રહી છે. યુક્રેને દાવો કર્યો છે કે તેણે ઘણા રશિયન સૈનિકોને મારી નાખ્યા છે અને ઘણા સૈનિકોને બંધક બનાવ્યા છે. તેણે રશિયાની અનેક ટેક્ક અને સૈન્ય વિમાનોને તોડી પાડવાનો પણ દાવો કર્યો છે. યુક્રેનની મિલિટરી લો એન્ફોર્સમેન્ટ સર્વિસે જણાવ્યું હતું કે દેશની સેનાએ કિવના બેરેસ્ટિસ્કા જિલ્લામાં અપહરણકારોના સંખ્યાબંધ સાધનોનો નાશ કર્યો હતો.

### ભાજપનો કાર્યકર ન માત્ર રાજકીય પ્રવૃતિ કરે પરંતુ તે સામાજીક પ્રવૃતિ પણ કરે –: શ્રી પ્રદિપસિંહ વાઘેલા

# ભાજપના કાર્યકર ફકત ચૂંટણીલક્ષી કાર્યો નહી પરંતુ સમાજના સેવા માટે પ્રત્યેક પ્રકલ્પોનું વિચાર હર હંમેશા કરતા હોય છે.: શ્રી રજનીભાઇ પટેલ



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે આજે તારીખ ૦૩ માર્ચ ૨૦૨૨ ના રોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે સુપોષણ અભિયાન અંગે બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં પ્રદેશના મહામંત્રીશ્રીઓ, ડોકટર સેલના સભ્યો, સુપોષણ અભિયાનની પ્રદેશની ટીમ,જીલ્લા/મહાનગરના પક્ષના મહામંત્રીશ્રીઓ,જીલ્લા/મહાનગરના મહિલા મોરચાના પ્રમુખશ્રીઓ ઉપસ્થિતિ રહ્યા હતા. સમગ્ર ગુજરાતમાં ભાજપના કાર્યકરો દ્વારા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના માર્ગદર્શન અને અભિયાનના ઇન્ચાર્જશ્રી રજનીભાઇ પટેલની ઉપસ્થિતિમાં રાજયભરના બાળકોને સ્વસ્થ રાખી સશકત ગુજરાત બને તે અંગે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં પ્રદેશના મહામંત્રીશ્રી અને સુપોષણ અભિયાનના ઇન્ચાર્જશ્રી રજનીભાઇ પટેલે માર્ગદર્શન આપતા જણાવ્યું કે, ભાજપના કાર્યકર ફકત ચૂંટણીલક્ષી કાર્યો નહી પરંતુ સમાજના સેવા માટે પ્રત્યેક પ્રકલ્પોનું વિચાર હરહંમેશા કરતા હોઇએ છીએ. આ અભિયાનને જીલ્લાથી લઇ મંડળ સુધી અને મંડળથી બુથ સુધી કેવી રીતે લઇ જવો તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ અભિયાન અંતર્ગત બાળકોને દત્તક રાખનાર વાલીની માહિતી કેવી રીતે એકત્ર રાખવી અને દરેક જિલ્લામાં પ્રદેશના ડોકટર સેલના કાર્યકરો પણ આ અભિયાનમાં મદદરૂપ થનારા છે તે અંગે માહિતી આપી હતી.

આ બેઠકમાં સુપોષણ શા માટે જરૂરી છે,અને કેવી રીતે બાળક સુપોષીત થઇ શકે તે અંગે ડોકટર સેલના પ્રદેશના સંયોજકશ્રી ધર્મેન્દ્રભાઇ ગજ્જરે માર્ગદર્શન આપ્યું હતું. શ્રી ધર્મેન્દ્રભાઇએ ઉપસ્થિત સભ્યોશ્રીઓને સુપોષણ શું છે અને કુપોષણ શું છે અને બાળકોને યોગ્ય સારવાર કેવી રીતે મળી શકે તે અંગે વિસ્તારથી માહિતી આપી હતી. બાળકોને ત્રણ કેટેગરીમાં જુદા પાડવા જણાવ્યું જેમા ૦-૬મહિના સુધીના બાળકોને માતાનું દૂધ આપવા અંગે માહિતી આપવી, ૬(મહિના)-૨ વર્ષ સુધીના બાળકોને અને ૨ વર્ષ થી ૬ વર્ષ સુધીના બાળકોને કેવો આહાર આપવો,બાળકોનું મોનીટરીંગ કેવી રીતે કરવું તે અંગે માહિતી આપી હતી. અતીકુપોષીત બાળકો પર વધુ ધ્યાન આપી રાજયમાં કુપોષણનો રેટ ઘટે તે અગે જણાવ્યું હતું. તેમજ આગામી દિવસોમાં અમદાવાદ પુર્વના હોમયોપેથિક ડોકટર એસોશિયેશન દ્વારા ૬૦૦ બાળકો ને ડોકટર સેલ તરીકે દત્તક લઇ બાળકોને પોષ્ટીક આહાર મળે તે માહિતી આપી હતી.

આ બેઠકમાં મહિલા મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ડો.શ્રદ્ધાબેન રાજપુતે સંબોધનમાં કુપોષીત બાળકોને કેવી રીતે દત્તક લેવું ,બાળકોને દત્તકે લેવા માહિતી કેવી રીતે મેળવવી તે અંગે માહિતી આપી હતી. કુપોષીત બાળકોને ૩ મહિના સુધી મોનીટરીંગ કરવું. બાળકોનું કાઉન્સીલીંગ કેવી રીતે કરવું તે અંગે માહિતી આપી હતી.

આ બેઠકમાં ડો. અનિલ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, ભાજપ સરકાર બાળકોને જન્મથી લઇ મૃત્યુદર ઘટાડવા અંગે વિવિઘ યોજનાઓ બહાર પાડી છે તે અંગે માહિતી આપી હતી. કુપોષીત બાળકો ને સ્વસ્થ કરવાના આ અભિયાનમાં બાળકના માતા-પિતાનું કાઉન્સીલંગ કરવવું પણ ખૂબ જરૂરી છે. બાળકના માત-પિતાને માહિતી આપવી કે બાળકને કેવો ખોરાક આપવો,તેમને સરકારશ્રીની યોજનાઓ અંગે માહીતી આપવા જણાવ્યું તેમજ કુપોષીત બાળકોને દત્તક લે તે વાલીઓએ તે બાળકનો હેલ્થ ગ્રોથ રિપોર્ટ તૈયાર કરવા માહિતી આપી હતી. આ બેઠકમાં પ્રદેશના મહામંત્રીશ્રી ભાર્ગવભાઇ ભટ્ટે સંબોધન કરતા જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીએ કેવળ મતો લેવા વાળી પાર્ટી નથી પરંતું સત્તાના માધ્યમથી જનતાની સેવા કરવાવાળું સંગઠન છે. રાજય સરકાર સાથે સંગઠન પણ રાજયના કુપોષીત બાળકોની ચિંતા કરે છે અને તેમને સ્વસ્થ કરવાની દિશામાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના માર્ગદર્શનમાં અભિયાનની શરૂઆત કરી છે. કુપોષિત બાળકને દત્તક લેવાનો હેતું શું છે તે અંગે વિસ્તારથી મહિતી આપી તેમજ જે જિલ્લા પછાત છે ત્યા કુપોષિત બાળક પર યોગ્ય દિશામાં ધ્યાન આપવા આહ્વાન કર્યુ હતું. આ બેઠકમાં પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાએ સંબોધન કરતા જણાવ્યું કે, કોઇ પણ સારા કામને જમીની સ્તેર લઇ જવા અભિયાનનું સ્વરૂપ આપવું પડે છે. અને અભિયાનને જનઆંદલોન બનાવવા વધુમાં વધુ લોકોને જોડી યોગ્ય દિશામાં કામ કરવું પડે છે. ભાજપનો કાર્યકર ન માત્ર રાજકીય પ્રવૃતિ કરે સાથે તે સામાજીક પ્રવૃતિ પણ કરે તે અંગે સુચન કર્યુ હતું. આ અભિયાનમાં વધુ ને વધુ લોકો જોડવાની કોમ્પીટીશન થાય અને વધુમાં વધુ લોકો બાળકોને દત્તક લઇ સુપોષીત કરે દિશામાં કામ કરવા આહ્વાન કર્યું હતું. આવનાર દિવસોમાં ગુજરાતમાં સુપોષણ અભિયાનનું ખૂબ મોટુ જન આંદોલન બને અને ભાજપના કાર્યકરોના માધ્યથી આખો દેશ આ અભિયાનથી પ્રેરણલા લે તેવી શુભાકામના પાઠવી હતી.

# આજ રોજ યુક્રેનથી ગુજરાત પરત ફરેલાં ૧૦૭ વિદ્યાર્થીઓનું સર્કિટ હાઉસ, ગાંધીનગર ખાતે સહર્ષ સ્વાગત કરાયું

### કેબિનેટ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી, મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, સંગઠનના હોદ્દેદારો, અગ્રણીશ્રીઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનું સહર્ષ સ્વાગત કર્યું.



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલી યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલા ઓપરેશન ગંગાશ્ર્ઈ૩૯; હેઠળ યુક્રેનના યુદ્ધગ્રસ્ત વિસ્તારમાંથી ગુજરાત સહિત દેશભરના વિદ્યાર્થીઓ પરત ફરી રહ્યા છે. મોદી સરકાર યુક્રેનથી પ્રત્યેક ભારતીયને સુરક્ષિત વતન પાછા લાવવા માટે કટિબદ્ધતાપૂર્વક કાર્ય કરી રહી છે સાથે સાથે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત રાજ્ય સરકારની સમગ્ર ટીમ તેમજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ અને ભાજપ સંગઠન પણ વિદ્યાર્થીઓની વતન વાપસી માટે સતત ચિંતા કરી રહ્યા છે ત્યારે આજરોજ યુક્રેનથી ગુજરાત પરત ફરેલાં ૧૦૭ વિદ્યાર્થીઓનું રાજ્ય સરકારના કેબિનેટ મંત્રીશ્રી જીતુભાઇ વઘાણીએ સર્કિટ હાઉસ, ગાંધીનગર ખાતે સહર્ષ સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી પ્રશાંત કોરાટ, મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, સંગઠનના હોદ્દેદારો, અગ્રણીશ્રીઓએ ઉપસ્થિત રહી પરત આવેલા સૌ વિદ્યાર્થીઓને આવકાર્યા હતા.

રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા ભયંકર યુદ્ધ વચ્ચે સુરક્ષિત વતન પરત ફરેલાં સંતાનોને મળી વિદ્યાર્થીઓના માતા-પિતા અને પરિવારજનો ભાવુક બનતા ખુશીના આંસુ સાથે લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા. ગુજરાત પાછા ફરેલાં સૌ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓએ ભારત સરકારની કામગીરી પ્રત્યે સંતોષ વ્યક્ત કરી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કર્યો.

# યુક્રેનની યુદ્ધગ્રસ્ત કપરી પરિસ્થિતિમાંથી ઝાલોદની શિવાંગી કલાલ આજે હેમખેમ ઘરે પહોંચી

### શિવાંગીએ ભારત સરકાર દ્વારા આગવી કુનેહ સાથે વિદ્યાર્થીઓને પરત લાવવા માટે ઓપરેશન ગંગા અંતર્ગત કરાઇ રહેલા પ્રયાસોની સરાહના કરી



અભેસિંહ રાવલ દાહોદ

યુક્રેનની યુદ્ધગ્રસ્ત કપરી પરિસ્થિતિમાંથી ઝાલોદની શિવાંગી કલાલ આજે હેમખેમ ઘરે પહોંચી ગઇ છે. ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલું ઓપરેશન ગંગા અંતર્ગત વિદ્યાર્થીઓને સલામત રીતે દેશમાં પરત લાવવામાં આવી રહ્યાં છે ત્યારે શિવાંગી યુદ્ધગ્રસ્ત યુક્રેનમાંથી પરત ફરતા પરિવારજનોમાં ખુશીની લાગણી વ્યાપી ગઇ હતી. શિવાંગીએ ભારત સરકાર દ્વારા આગવી કુનેહ સાથે વિદ્યાર્થીઓને પરત લાવવા માટે કરાઇ રહેલા પ્રયાસોની સરાહના કરી હતી.

શિવાંગી યુક્રેનની ઓડેસા સ્થિત યુનિવસીર્ટીમાં મેડીકલના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરી રહી હતી ત્યારે યુદ્ધ શરૂ થઇ જતા તે ત્યાં ફસાઇ ગઇ હતી. શિવાંગી જણાવે છે કે, યુદ્ધના બોમ્બ ધડાકા અને ગોળીબારના ભયગ્રસ્ત માહોલ વચ્ચે ભારત સરકાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોને પરિણામે હું ભારત પહોંચી શકું છું.

શિવાંગી વધુમાં જણાવે છે કે, ભારત સરકાર દ્વારા અણીના સમયે અમને મદદ મળી જતા હું ભારત પહોંચી શકી છું. અમે યુક્રેનના ઓડેસામાં ફસાયા હતા. ત્યાં પણ ખૂબ જ ભયજનક સ્થિતિ હતી. ઓડેસાથી રોમાનિયા સરહદ સુધી અમે બસમાં આવ્યા. દરમિયાન રસ્તામાં વારંવાર બસને સૈનિકો રોકી રહ્યાં હતા. સરહદથી ૧૨ કિ.મી. સુધીનો રસ્તો ચાલીને પસાર કર્યો હતો. અમે ઓડેસાના જે વિસ્તારને છોડી ગયા ત્યાં થોડાક જ સમય બાદ ઓપન ફાયરીંગ શરૂ થઇ ગયું હતું. રોમાનિયા ખાતે સ્થાનિક લોકોએ પણ અમને મદદ કરી હતી.

ભારત સરકાર દ્વારા શિવાંગી સહિતના વિદ્યાર્થીઓને ખાસ ફલાઇટ મારફત ભારત લાવવામાં આવ્યા હતા. શિવાંગીએ જણાવ્યું કે, ભારત સરકાર દ્વારા સચોટ આયોજન કરવામાં આવ્યું હતું. અમે રોમાનિયામાં ૧૨ કલાક માટે રોકાણ કર્યું હતું. ત્યાર બાદ એરપોર્ટ પરથી અમને સહીસલામત લઇ જવામાં આવ્યા હતા અને આખરે અમે ભારત પહોંચ્યાં હતા.

શિવાંગીના પિતા બીપીનભાઇ જણાવે છે કે, સરકારી તંત્ર પણ સતત અમારા સંપર્કમાં હતું અને અમારી પુત્રી વિશે સતત અમને માહિતી આપતા હતા. સરકારી તંત્રનો પણ અમને ખુબ સહયોગ મળ્યો હતો. શિવાંગી ઘરે પરત ફરતા ઝાલોદ મામલતદાર જે.વી. પાંડવએ તેની મુલાકાત લઇ શુભેચ્છાઓ પાઠવી હતી.

### છાપી પોલીસ ઉંઘતી રહી ને

# બનાસકાંઠા LCB ની ટીમે છાપી નજીક ટેક્કરમાંથી ૪૦,૦૦,૩૩૦ નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

છાપીના શેરપુરા પાટીયા નજીકથી જિલ્લાની એલ.સી.બીની ટીમે બાતમીના આધારે ટેક્કરમાંથી ભારતીય બનાવટીનો વિદેશી દારૂ સહિત કુલ ૪૦,૦૦,૩૩૦નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. રાજસ્થાનમાંથી અનેકવાર ગુજરાતમાં મોટા પ્રમાણમાં બુટલેગરો દ્વારા નવો કીમિયો અપનાવી દારૂ ગુસાડવામાં આવી રહ્યો છે. ત્યારે બુટલેગરો દ્વારા એક ટેક્કરમાં દારૂ ભરી આવી રહ્યા હોવાની જિલ્લા એલસીબી પોલીસ છાપી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન પાલનપુર તરફથી ટેક્કર નબર GJ-06-VV-7191માં ભારતીય બનાવટીનો વિદેશી દારૂ ભરીને પાલનપુર તરફથી ઉંઝા તરફ જનાર છે તેવી બાતમી મળી હતી. બાતમીના આધારે જિલ્લા એલસીબી પોલીસે છાપી નજીકથી શેરપુરા પાટીયા પાસે વોચ ગોઠવી બાતમી વાળી ટેક્કર નબર GJ-06-VV-7191માં બુટલેગરો દારૂની હેરાફેરી કરવા માટે નવો કીમિયો રચ્યો છે. જે બાદ એલ.સી.બી પોલીસે ટેક્કરને રોકાવી તલાશી લેતા ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલ નંગ- ૭૯૫૦ કી.રૂ.૩૨,૯૩,૨૦૦/- તથા મોબાઈલ નંગ-૧ કી.રૂ.૫૦૦૦/- ટ્રેક્કર ગાડી કી.રૂ.૭,૦૦,૦૦૦/-એમ કુલ મુદ્દામાલ કી.રૂ,૪૦,૦૦,૩૩૦/- મુદ્દામાલ સાથે મળી આવતાં ગાડી ચાલક જુજારામ મગારામ જાટ રહે.અરણીયાળી તા.ધોરીમન્ના જી.બાડમેર રાજસ્થાન વાળા વિરુદ્ધમાં પ્રોહીબીશન એક્ટ મુજબ છાપી પોલીસ સ્ટેશને ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી.

### આહવા ખાતે યોજાઈ માતા/બાળ મૃત્યુના કેસોની સમીક્ષા બેઠક

# ડાંગ જિલ્લામા માતા અને બાળ મૃત્યુના કેસોનુ ડેથ ઓડિટ કરી ઉપયોગી માર્ગદર્શન આપતા ઉચ્ચાધિકારીઓ

આહવા તા:૦૩:

માતા અને બાળમૃત્યુના કેસોના ડેથ ઓડિટનો મતલબ સેવા, સુશ્રૂષા અને સારવાર પહોંચાડવામા ક્યાય કોઈ ત્રુટી રહી જવા પામી હોય, તો તેનુ ભવિષ્યમા પુનરાવર્તન ન થાય તે બાબતે સજાગતા કેળવીને, માતા/બાળમૃત્યુને રોકી શકાય તે છે, તેમ ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી ભાવિન પંડયા તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.વિપિન ગર્ગ એ, જિલ્લાના કેસોની ઝીણવટભરી સમીક્ષા કરતા જણાવ્યુ હતુ.

જિલ્લા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના તબીબો તથા આરોગ્ય કર્મીઓને પ્રત્યેક માતા/બાળ મૃત્યુના કેસોની સાચી અને સંપૂર્ણ માહિતી સાથે હાજર રહેવાની સૂચના આપતા આ ઉચ્ચાધિકારીઓએ, જરૂરિયાત મુજબ ગાયનેકોલોજીસ્ટ અને પેડિયાટ્રિશ્યનની સલાહ લઈને, મૃત્યુનુ પ્રમાણ ઘટાડવાની દિશામા સહિયારા પ્રયાસોની હિમાયત કરી હતી.

અન ડિટેક્ટ અને અન મેરીડ પ્રેગ્નન્સીના કેસોમા, ગ્રામ્ય સ્તરે આશાની ભૂમિકા મહત્વની બની જાય છે. તેમ જણાવતા કલેક્ટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સગર્ભા સહિત તેના માતાપિતા, પરિવારનો વિશ્વાસ સંપાદિત કરીને, માતા/બાળ મૃત્યુના કેસો ઘટાડવાની હિમાયત કરી હતી.

જિલ્લામા નોંધાયેલા એક માતા મૃત્યુ-ગર્ભપાતના કેસમા ગ્રામીણ દાયણની ભૂમિકા તપાસી, તેની તથા તેના મદદગારોની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની સૂચના પણ આ ઉચ્ચાધિકારીઓએ આરોગ્ય વિભાગને આપી હતી.

હોમ ડિલિવરીના કેસોની ચર્ચા કરતા કલેક્ટર શ્રી ભાવિન પંડયા તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.વિપિન ગર્ગ એ આશા સહિત ગ્રામીણ આરોગ્ય કર્મચારીની સતર્કતા ઉપર ભાર મૂક્યો હતો.

ડાંગ જેવા છેવાડાના જિલ્લાના અંતરિયાળ વિસ્તારના ગામડાઓના અશિક્ષિત, અર્ધ શિક્ષિત માતા પિતાએ, પ્રસુતિ અને બાળજન્મ અંગે લેવાની કાળજી સંદર્ભે લેવાના પગલાઓ બાબતે પ્રત્યુત્તર પાઠવતા, ગ્રામ્ય વાલીઓની અણસમજને કારણે થતા માતા/બાળ મૃત્યુને અટકાવવા માટે, તબીબો અને આરોગ્ય કર્મીઓની સઘન તાલીમની આવશ્યકતા ઉપર ઈઞૐશ્રી ડો.સંજય શાહે ભાર મુક્યો હતો. પરસ્પર સંકલન અને અસરકારક ફોલોઅપથી આવા કેસોમા વિશેષ લક્ષ કેન્દ્રિત કરાશે, તેમ પણ તેમણે ઉચ્ચાધિકારીઓને ખાતરી આપતા જણાવ્યુ હતુ.

જિલ્લા સેવા સદન-આહવા ખાતે યોજાયેલી આ બેઠકમા અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હિમાંશુ ગામીત, સિવિલ હોસ્પિટલના નિષ્ણાંત તબીબો, ૐઞ/ઞૐઞના મેડિકલ ઓફિસરો, પેરામેડિકલ કર્મચારીઓ, આશા તથા સંબંધિત કેસના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર,ડાંગ




### દાહોદ જિલ્લામાં વેપારીઓએ

# ખાદ્યતેલ અને ખાદ્ય તેલિબીયાનો સ્ટોક કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરેલી મર્યાદામાં જ રાખવાનો રહેશે

અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ જિલ્લામાં વેપારીઓએ ખાદ્યતેલ અને ખાદ્યતેલિબીયાનો સ્ટોક કેન્દ્રસરકાર દ્વારા નિયત કરેલી મર્યાદામાં જ રાખવાનો રહેશે. ભારત સરકારના અન્ન અને જાહેર વિતરણ દ્વારા ખાદ્યતેલ અને ખાદ્યતેલિબીયાની સંગ્રહખોરીના લીધે થઇ રહેલા કુત્રિમ ભાવવધારાને નિયંત્રિત કરવા માટે સ્ટોકલીમીટ દાખલ કરવામાં આવી છે.

જે મુજબ દાહોદ જિલ્લાના ખાદ્યતેલ તેમજ ખાદ્યતેલિબીયાના સ્ટેક હોલ્ડર્સે નિર્ધારિત જથ્થો જ રાખી શકશે અને તેનાથી વધુ જથ્થો હોય તો ભારત સરકારની વેબસાઇટ http://evegoils.nic.in/dosp/login પર રજીસ્ટર કરવા અને તેમની પાસેના સ્ટોકને મેટ્રીક ટનમાં અઠવાડિક ઉક્ત વેબસાઇટ પર જાહેર કરવાના રહેશે. જે કોઇ સ્ટેક હોલ્ડર જેવા કે રીફાઇનર, મીલર્સ, એકસટ્રેકટર, ઇમ્પોટર્સ, એકસ્પોર્ટસ, હોલસેલર્સ, રીટેલર્સે, ડિલર વગેરેએ ભારત સરકારના પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

સરકાર દ્વારા આગામી તા. ૩૦ જુન સુધી આ સ્ટોક મર્યાદા નિર્ધારિત કરવામાં આવી છે. જે અનુસાર રિટેલર્સ માટે ખાદ્યતેલ ૩૦ ક્વિન્ટલ તેમજ હોલસેલર્સ માટે ખાદ્યતેલ ૫૦૦ ક્વિન્ટલ તેમજ બલ્ક કન્ઝ્યુમર –બીગ ચેન રીટેલર્સ શોપસ માટે રીટેલ આઉટલેટ ખાતે ૩૦ ક્વિન્ટલ તેમજ ડેપો ખાતે ૧૦૦૦ ક્વિન્ટલ જથ્થો ૯૦ દિવસની ઓફસ્ટોરેજ કેપીસીટી મુજબ નક્કી કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ખાદ્યતેલિબીયા માટે રીટેલર્સ ૧૦૦ ક્વિન્ટલ, હોલસેલર્સ ૨૦૦૦ ક્વિન્ટલ નક્કી કરવામાં આવ્યા છે. સ્ટેક હોલ્ડર્સે નિર્ધારિત સમયમર્યાદામાં સ્ટોક નિયત મર્યાદામાં લાવવાનો રહેશે. દાહોદના જિલ્લા પુરવઠા અધિકારીએ એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

# ઈડરમાં બારોબાર જમીન વેચી દેવાનું મોટું કૌભાંડ આવ્યું સામે

હિંમતનગર,તા.૩

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાતમાં બોગસ દસ્તાવેજ કરી જમીન પડાવી લેવાના અનેક કિસ્સાઓ પ્રકાશિત થયા છે ત્યારે વધુ એક કિસ્સો ઇડર ખાતે સામે આવ્યો છે.ઇડરના ઇસરવાડા પંચાયતની સીમમમાં આવેલ ખેતી લાયક જમીનના બોગસ દસ્તાવેજ કરી બારોબારીયું કરી વેચાણ કરી લેતા મૂળ માલિકે જાદર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.હિંમતનગરના સવગઢ ગામના વતની મેમણ અબ્દુલસત્તાર હાજીઅબ્દુલરહીમ જમીન ના મૂળ માલિક છે પરંતુ એમની જાણ બહાર એમના આધાર કાર્ડ માં ફોટો બદલી અન્ય વ્યક્તિનો ફોટો લગાવી બારોબાર દસ્તાવેજ કરી જમીન વેચાણ કરી લીધી છે ત્યારે દસ્તાવેજ બાદ મૂળ માલિકને જાણ થતા મૂળ માલિકે તપાસ કરી જાદર પોલીસ મથકે વેચાણ લેનાર,સાક્ષીઓ અને અન્ય એક સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી છે ત્યારે પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે. એક તરફ જમીન વેચાણ લેનાર પાર્ટીએ ઇડર સબ રાજીસ્ટાર ખાતે દસ્તાવેજના ૧૫ દિવસ અગાઉ દસ્તાવેજ માટે ટોકન લીધેલ હતું પરંતુ ૧૫ દિવસ બાદ દસ્તાવેજ થયો એટલુંજ નહીં પરંતુ મૂળ માલિક ને જાણ બહાર મૂળ માલિકના આધાર કાર્ડમાં ફોટો બદલી સરખા (ભળતા) લાગતા માણસ ને બેસાડી એનો ફોટો આધારકાર્ડમાં લગાવી ને દસ્તાવેજ કરી લીધો છે જોકે જમીન પર બેક્નો બોજો પણ હતો પરંતુ બોજો કેન્સલ થતા એની નોંધ પડાવવા માટે ગયેલા મૂળ માલિકે બે નોંધો પડેલ જોઈ ત્યારે મૂળ માલિકને જાણ થઈ હતી કે જમીન વેચાઈ ગઈ છે ત્યારે મૂળ માલિકે તપાસ હાથ ધરી અને પૂરતા ડોક્યુમેન્ટ જોયા બાદ મૂળ માલિકે જાદર પોલીસ મથકે ચાર આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી સાથેજ દસ્તાવેજ માં વાંધા અરજી પણ દાખલ કરી લીધી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.